કચ્છ અને ગાંધીનગરથી ગુજરાતી અને હિન્દી ભાષામાં એકસાથે પ્રસિદ્ધ થતું એકમાત્ર દૈનિક

http://www.chanchal.co | chanchal61@yahoo.com | chanchal news | chanchal news | +91 94276 13250

Date : 25-04-2023, Tuesday • Issue NO. : 291 • Year : 41 • Page : 4 • Price : 0.60

# ચંચળ

ભુજ આવૃત્તિ

R.N.I. Reg. No. 48472/80 | તંત્રી : જયેન્દ્ર ઉપાધ્યાય | તા. ૨૫-૦૪-૨૦૨૩, મંગળવાર • અંક નં. ૨૯૧ • વર્ષ : ૪૧ • પાના : ૪ • REGD: GKCH-36/2018-20

ચંચળ દૈનિક
આપની સંસ્થાના
સમાચાર ઈ-મેલ પર મોકલો
E-mail : chanchal61@yahoo.com
જાહેરાત આપવા માટે સંપર્ક કરો
ગાંધીનગર : ૯૪૨૭૬ ૧૩૨૫૧, ભુજ : ૯૪૨૭૬ ૧૩૨૫૦

# વિપક્ષી એકતા પર શરદ પવારનું મોટું નિવેદન, '૨૦૨૪ સુધી મહાવિકાસ આઘાડી રહેશે કે નહીં, કહીં ના શકાય'

મુંબઈ

મહારાષ્ટ્રમાં ચાલી રહેલા રાજકીય ઘમાસાણ વચ્ચે એનસીપી ચીફ શરદ પવારનું મોટું નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું કે આજે અમે મહાવિકાસ આઘાડી સાથે છીએ. પરંતુ ૨૦૨૪માં થનારી ચૂંટણીમાં સાથે રહીશું કે નહીં, તે અંગે અત્યારથી કશું કહી શકાય નહીં. શરદ પવારનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે મહારાષ્ટ્રમાં તેમના ભત્રીજા અજીત પવાર ભાજપ સાથે જાય તેવી ચર્ચાઓ જોરમાં છે.

શરદ પવાર અમરાવતીમાં એક પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા હતા. આ દરમિયાન જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ૨૦૨૪માં મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડી મળીને ચૂંટણી લડશે. જેના પર તેમણે કહ્યું કે આજે અમે મહાવિકાસ આઘાડીનો ભાગ છીએ અને અમારી સાથે કામ કરવાની ઈચ્છા છે. પરંતુ માત્ર ઈચ્છા જ રાજકારણમાં પૂરતી હોતી નથી. સીટોની ફાળવણી, કોઈ સમસ્યા છે કે નહી, આ બધા પર હજુ ચર્ચા થઈ નથી. તો હું તમને આ અંગે કેવી રીતે બતાવું. શરદ પવારે અમરાવતીમાં પ્રેસ કોન્ફન્સ કરીને કહ્યું કે મહારાષ્ટ્રમાં જે તોડફોડની રાજનીતિ શરૂ થઈ રહી છે, તેનાથી રાજ્યને મોટું નુકસાન થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે જેમને તોડફોડની રાજનીતિક કરવાની છે, તેઓ એવી રાજનીતિ કરી, પરંતુ અમારે જે કરવાનું છે, તે અમે કરીશું. શરદ પવારે એકવાર ફરીથી અદાણી મુદ્દે વિપક્ષ દ્વારા થઈ રહેલી જેપીસી તપાસની માગણીનો વિરોધ કર્યો છે. તેમણે કહ્યું કે, જેપીસીમાં ૨૧ સભ્ય હશે. તેમાંથી ૧૫ સત્તાધારી, જ્યારે ૬ વિપક્ષી સાંસદ હશે. આવામાં જેપીસી કમિટીનો શું નિર્ણય હશે તે અંગે બોલવાની જરૂર નથી. મેં કહ્યું હતું કે આ મામલે જેપીસી નહીં, સર્વોચ્ચ ન્યાયાલની સમિતિ વધુ પ્રભાવી રહેશે. આ વાત મે પહેલા પણ કહી હતી. આમ છતાં વિપક્ષી દળો જો જેપીસીની માગણી કરે છે તો હું તેમની સાથે રહીશ. મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેએ શરદ પવારના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, શરદ પવાર ખુબ અનુભવી નેતા છે. તેમનું આ નિવેદન ખુબ મહત્વનું છે. તેમના નિવેદનમાં ખુબ ગંભીરતા હોય છે. જેમને જે વિચારવું હોય તે વિચારે..હું આટલું જ કહીશ. અત્રે જણાવવાનું કે મહારાષ્ટ્રમાં રાજકીય ઘમાસાણ ચાલુ છે. જ્યાં એક બાજુ સંજય રાઉત શિંદે-ફડણવીસ સરકાર પડવાનો દાવો કરી રહ્યા છે ત્યા અજીત પવાર ભાજપ સાથે જવાની ચર્ચા છે. દાવો થઈ રહ્યો છે કે એનસીપીના ૫૩ વિધાયકોમાંથી લગભગ ૩૦-૩૪ વિધાયકોની સાથે શિંદે-ફડણવીસ સરકારનો ભાગ બની શકે છે. દાવો એ પણ છે કે અજીતને એનસીપીના પ્રફુલ્લ પટેલ, સુનીલ તટકરે, છગન ભૂજબળ, ધનંજય મુંડે જેવા પ્રમુખ ચહેરાઓનું સમર્થન મળ્યું છે. જો કે શરદ પવાર એકવાર ફરીથી તેમના મિશનમાં રોડો બનતા જોવા મળી રહ્યા છે.

# અતીકની ઓફિસમાં છરી-લોહીના ડાઘા મળ્યા: સાડી અને બંગડીઓ પણ મળી

પ્રયાગરાજ

પ્રયાગરાજના ચકિયામાં માફિયા અતીક અહેમદની ખંડેર થયેલી ઓફિસમાં સોમવારે ઠેર-ઠેર લોહી ફેલાયેલું જોવા મળ્યું હતું. સીડી પર લોહીના તાજા ડાઘ છે. પહેલા માળેથી એક મહિલાની સાડી અને કેટલાક અન્ડરગાર્મેન્ટ્સ મળ્યાં હતાં. પોલીસને શંકા છે કે અહીં એક મહિલાની હત્યા કર્યા બાદ તેની લાશ બહાર ફેંકી દેવામાં આવી હતી. ફોરેન્સિક ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. ટીમ તપાસ કરી રહી છે કે લોહી કેટલું જૂનું છે. પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે. મીડિયાકર્મીઓ પાસેથી ઓફિસ ખાલી કરાવવામાં આવી છે.

અતીકની આ એ જ ઓફિસ છે, જ્યાં પોલીસે દરોડો પાડીને ૭૪ લાખ ૭૨ હજાર રુપિયા અને ૧૦ પિસ્તોલ જપ્ત કરી હતી. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ પ્રયાગરાજ ડેવલપમેન્ટ ઓથોરિટી (ઁઇછ) એ ચકિયા કરબલામાં અતીક અહમદની આલીશાન ઓફિસને તોડી પાડી હતી. ત્યારથી એ ખાલી પડી હતી.

એસીપી કોતવાલી સતેન્દ્ર પી. તિવારીએ જણાવ્યું હતું કે સૂચના મળતાં જ પોલીસ પહોંચી ગઈ હતી. નીચે સીડીઓ પર, ઉપરના માળની સીડીઓ પર, રૂમમાં અને રસોડામાં લાલ રંગના ડાઘા જોવા મળ્યા હતા. ફોરેન્સિક ટીમો તપાસ કરશે કે આ ડાઘા લોહીના છે કે અન્ય કંઈક. લોહીના ડાઘા છે તો કોનું લોહી છે, આ પણ તપાસનો વિષય છે. નજીકમાં લગાવેલા સીસીટીવી કેમેરાની મદદ લેવામાં આવશે. જોવામાં આવશે કે તાજેતરમાં કોઈ વ્યક્તિ અંદર ગઈ છે કે કેમ? અતીક અહેમદની ઓફિસનો આગળનો ભાગ બે વખત તોડી પાડવામાં આવ્યો છે. એક વખત ૨૦૦૬માં બસપા સરકારમાં અને બીજી વખત ૨૦૨૦માં ભાજપની સરકાર હતી. ઁઇછએ ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ઓફિસ તોડી પાડી. જો કે, પાછળનો ભાગ તોડી દેવામાં આવ્યો હતો. આ પાછળના ભાગમાં ઉમેશ પાલની હત્યા બાદ રોકડ અને હથિયારો મળ્યાં હતાં.

લગભગ છ કલાકની કાર્યવાહી બાદ ગેરકાયદે રીતે બાંધવામાં આવેલો ભાગ સંપૂર્ણપણે જમીનદોસ્ત થઈ ગયો હતો. પીડીએ અધિકારીઓએ જણાવ્યું હતું કે ગેરકાયદે બાંધકામ હટાવવા અંગે અતીક અહેમદને નોટિસ આપવામાં આવી હતી, પરંતુ તેણે એની અવગણના કરી હતી, જેના હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

# સરકારી કર્મચારીઓ ઓવરટાઈમ વર્ક એલાઉન્સ મેળવવા માટે હકદાર નથી - સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી

સરકારી કર્મચારીઓના ઓવરટાઈમ કામને લઈને સુપ્રીમ કોર્ટે મોટી ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે સરકારી કર્મચારીઓ ઓવરટાઈમ વર્ક એલાઉન્સ મેળવવા માટે હકદાર નથી. આ વળતરની શ્રેણીમાં આવતું નથી. કોર્ટે કહ્યું કે એવું જોવામાં આવે છે કે કોન્ટ્રાક્ટ કર્મચારીઓથી વિપરીત, સરકારી કર્મચારીઓ કેટલાક અન્ય વિશેષાધિકારો સિવાય પગાર પંચના સુધારાના લાભોનો આનંદ માણે છે.

કોર્ટે કહ્યું કે ઓવરટાઈમ વર્ક એલાઉન્સનો દાવો કરવો એ નિયમો અનુસાર નથી, જેના કારણે તેનો દાવો કરી શકાય નહીં. સિક્યોરિટી પ્રિન્ટિંગ એન્ડ મિન્ટિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને તેના કર્મચારીઓ વચ્ચે ઓવરટાઈમ ભથ્થાને લઈને સુપ્રીમ કોર્ટે આ નિર્ણય આપ્યો છે.

જસ્ટિસ વી રામસુબ્રમણ્યમ અને પંકજ મિથલની ડિવિઝન બેન્ચે કહ્યું કે ફેક્ટરીઓ અને ઔદ્યોગિક ક્ષેત્રમાં કામ કરતા લોકોથી વિપરીત, સિવિલ પોસ્ટ્સ, રાજ્ય સિવિલ અને કોઈપણ સરકારી સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ નિયમો અનુસાર સરકારના નિયંત્રણ હેઠળ હોવા જોઈએ. આ કર્મચારીઓ ઓવરટાઈમ ભથ્થાની માંગ કરી શકતા નથી.

કોર્પોરેશનના કર્મચારીઓને પણ ઓવરટાઈમ ભથ્થું મળવું જોઈએ તે અંગે બોમ્બે હાઈકોર્ટે સંમતિ આપી હતી. ડિવિઝન બેન્ચે સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરાયેલા આદેશોને બાજુ પર રાખ્યા છે. સરકારી નિયમને ટાંકીને બેન્ચે કહ્યું કે હકીકતમાં કર્મચારીઓને ઓવરટાઈમ ભથ્થાની ચૂકવણીની માંગણી કરવાનો કોઈ અવકાશ નથી.

જેમ કે કર્મચારીઓએ દાવો કર્યો હતો કે તેઓએ શારીરિક કામ કરવું પડશે અને તેઓ ઓવરટાઈમ ભથ્થાના હકદાર છે. કોર્ટે તેના છઝઈની તપાસ કરી. કોર્ટે કહ્યું કે તેમની દલીલ યોગ્ય નથી. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, "સિવિલ હોદ્દા ધરાવનાર અથવા રાજ્યની સિવિલ સેવાઓમાં વ્યક્તિઓ ચોક્કસ વિશેષાધિકારોનો આનંદ માણે છે. તેથી, પ્રતિવાદીઓ દ્વારા કરવામાં આવેલા દાવાની ટ્રિબ્યુનલ અને હાઈકોર્ટ દ્વારા તપાસ કરવી પડશે. કોર્ટે અવલોકન કર્યું કે મૂળભૂત નિયમ ૧૧ નિયમો અને પૂરક નિયમો (૧૯૨૨) માં જણાવે છે કે, "જ્યાં સુધી કોઈ પણ સંજોગોમાં અન્યથા પ્રદાન કરવામાં ન આવે ત્યાં સુધી, સરકારી કર્મચારીનો સંપૂર્ણ સમય સરકારના નિયંત્રણ હેઠળ છે જે તેને ચૂકવણી કરે છે. તેને કોઈપણ રીતે નોકરી આપી શકાય છે. આવા કિસ્સામાં, તેની પાસે વધારાના મહેનતાણું માટે કોઈ દાવો રહેશે નહીં.

બેન્ચે કહ્યું કે એ કહેવાની જરૂર નથી કે વૈધાનિક નિયમોનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ દ્વારા કોઈ લાભનો દાવો કરી શકાય નહીં. કમનસીબે સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ એ નિયમોને સંપૂર્ણપણે ભૂલી ગઈ. કારખાનામાં નોકરી અને સરકારી નોકરીમાં ફરક છે. કોર્ટે કહ્યાંક કે કોર્પોરેટ સેક્ટરના કર્મચારીઓ શારીરિક કામ કરે છે, જેના માટે તેમને ભથ્થાની જરૂર છે.

# મોદી સરનેમ કેસમાં પટના હાઈકોર્ટે રાહુલને રાહત આપી:સાંસદ-ધારાસભ્યને કોર્ટમાં હાજર રહેવું પડશે નહીં;

પટના

રાહુલ ગાંધીને પટના હાઈકોર્ટમાંથી રાહત મળી છે. સાંસદ-ધારાસભ્ય કોર્ટમાં ચાલી રહેલી ન્યાયિક પ્રક્રિયા પર હાઈકોર્ટે સ્ટે આપ્યો છે. કોર્ટે ૧૫ મે સુધી સ્ટે આપ્યો છે. આ કેસની આગામી સુનાવણી ૧૬ મેના રોજ થશે.જણાવી દઈએ કે મોદી સરનેમના મામલામાં સાંસદ-ધારાસભ્ય આવતીકાલે (૨૫ એપ્રિલે) કોર્ટમાં હાજર થવાના હતા.

રાહુલ ગાંધીના વકીલ અંશુલ વર્માએ કહ્યું કે અમે હાઈકોર્ટને કહ્યું કે આ કેસમાં સુરત કોર્ટે તેમને સજા સંભળાવી છે. હવે પટનાની સાંસદ-ધારાસભ્ય કોર્ટમાં કેસ ચલાવવાનો અર્થ શું છે. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર ૧૫ મે સુધી સ્ટે આપ્યો છે. હવે ૨૫ એપ્રિલે તેમને સાંસદ-ધારાસભ્ય કોર્ટમાં હાજર નહીં થવું પડે.

સુશીલ મોદીના વકીલ એસ.ડી.સંજેએ જણાવ્યું હતું કે સુરત કોર્ટ દ્વારા રાહુલ ગાંધી વતી સજાની દલીલ કરવામાં આવી હતી. હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી કે સમાન બે કેસમાં સજા થઈ શકે નહીં. કોર્ટે અમારી પાસેથી જવાબ માંગ્યો છે. અમે ૧૬મી મેના રોજ કોર્ટમાં અમારો જવાબ રજૂ કરીશું.

ઝારખંડ હાઈકોર્ટમાં રાહુલ ગાંધી વિરુદ્ધ આવો જ એક કેસ ચાલી રહ્યો હતો. જેને હાઈકોર્ટે ફગાવી દીધી હતી, પરંતુ તે સુરત કોર્ટના નિર્ણય પહેલા હતી. હવે જોવાનું એ રહેશે કે આ મામલે હાઈકોર્ટ શું સ્ટેન્ડ આપે છે.તમને જણાવી દઈએ કે રાહુલ ગાંધીએ તમામ મોદીને ચોર કહ્યા હતા. રાહુલે લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન તમિલનાડુના કોલારમાં પોતાના ભાષણ દરમિયાન આ નિવેદન આપ્યું હતું. આ અંગે રાહુલ ગાંધી વિરુદ્ધ અલગ-અલગ જગ્યાએ કેસ નોંધવામાં આવ્યો હતો.આ ટિપ્પણીના આધારે વર્તમાન સાંસદ બીજેપી નેતા સુશીલ મોદીએ ૨૦૧૯માં પટનાની નીચલી કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. આના સંદર્ભમાં, પટના સિવિલ કોર્ટે તેને ૨૫ એપ્રિલે તેની શારીરિક હાજરી નોંધાવવા માટે નિર્દેશ જાહેર કર્યો છે.બીજેપી નેતા પૂર્ણેશ મોદીએ પણ મોદી સરનેમ પર કરવામાં આવેલી ટિપ્પણીને લઈને માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. જે કેસમાં ૨૩ માર્ચે ગુજરાતની સુરત કોર્ટે રાહુલ ગાંધીને દોષિત ઠેરવ્યા હતા અને બે વર્ષની સજા ઉપરાંત ૧૫,૦૦૦ રુપિયાનો દંડ ફટકાર્યો હતો.આ મામલામાં રાહુલ ગાંધીની લોકસભાની સદસ્યતા રદ કરવામાં આવી હતી.

# વિનેશ ફોગાટ સહિત ૮ રેસલર સુપ્રીમ કોર્ટ પહોંચ્યા: સાંસદ બ્રિજ ભૂષણ સામે FIRની માગ

નવી દિલ્હી

રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ના પ્રમુખ અને બીજેપી સાંસદ બ્રિજ ભૂષણ શરણ સિંહ વિરુદ્ધ દિલ્હીના જંતર-મંતર ખાતે કુસ્તીબાજોની હડતાળ સોમવારે બીજા દિવસે પણ ચાલુ રહી હતી. આ દરમિયાન વિનેશ ફોગાટ સહિત ૮ રેસલર સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા છે. તેણે કોર્ટમાં બ્રિજ ભૂષણ વિરુદ્ધ એફઆઈઆર નોંધવાની માગ કરી છે.

કુસ્તીબાજોએ હરિયાણાની ખાપ પંચાયતો પાસેથી સમર્થન માગ્યું હતું. તેણે ખાપની માફી માગી અને કહ્યું, 'છેલ્લી વખતે અમે ભૂલ કરી હતી. રાજકારણ અમારી સાથે થયું. અમને જાળમાં ફસાવી દેવામાં આવ્યા. આજે અમને તમારા બધાની ખૂબ જ જરૂર છે. અમને સપોર્ટ કરો. સવારે બજરંગ પુનિયાએ કહ્યું હતું કે આ મંચ પર તમામ રાજકીય પક્ષોનું સ્વાગત છે. જોકે જાન્યુઆરીમાં પ્રદર્શન દરમિયાન કોઈપણ રાજકીય પક્ષને મંચ પર આવવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

દિલ્હી પોલીસે ભારતીય ઓલિમ્પિક એસોસિયેશન અને કેન્દ્રીય રમત મંત્રાલય દ્વારા રચાયેલી બંને તપાસ સમિતિઓ પાસેથી રિપોર્ટ માગ્યો છે. બજરંગ પુનિયાએ કહ્યું, 'આ વખતે તમામ પક્ષો અમારાં ધરણાંમાં જોડાવા માટે આવકાર્ય છે, પછી તે ભાજપ, કોંગ્રેસ, છઁઁ અથવા અન્ય કોઈ પક્ષ કેમ ના હોય. અમે કોઈપણ પક્ષ સાથે જોડાયેલા નથી. ગત જાન્યુઆરીમાં કુસ્તીબાજોએ કોઈપણ પક્ષના નેતાઓને સ્ટેજ પર આવવા દીધા ન હતા. પૂર્વ ગવર્નર સત્યપાલ મલિકે સવાલ કર્યો કે સરકાર કયા મોઢેથી દીકરી બચાવો ના નારા લગાવે છે. દેશની દીકરીઓ છેલ્લા ૩ મહિનાથી ન્યાય માટે ભટકી રહી છે. દેશના ભવિષ્ય સાથે માત્ર એટલા માટે રમત રમાઈ રહી છે કારણ કે જે વ્યક્તિ પર આરોપ લગાવવામાં આવી રહ્યો છે તે ભાજપનો સાંસદ છે. હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ભૂપિંદર સિંહ હુડ્ડાએ ખેલાડીઓનું સમર્થન કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે "જો સમગ્ર વિશ્વમાં દેશનું નામ રોશન કરનારા રમતવીરોએ ન્યાય માટે ધરણાં કરવા પડે તો તે દુર્ભાગ્યપૂર્ણ પરિસ્થિતિ છે. સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ જરૂરી છે. બજરંગ પુનિયાએ ખાપોને ટેકો આપવા વિનંતી કરી. તેમણે કહ્યું કે, "હું હરિયાણાની તમામ ખાપ પંચાયતોની હાથ જોડીને માફી માગવા માગું છું, કારણ કે તમે બધા જાણો છો કે છેલ્લી વખત ક્યારે અમારું રાજકારણ કરવામાં આવ્યું હતું." આવી સ્થિતિમાં હવે પંચાયતોએ ખેલાડીઓને ટેકો આપવો જોઈએ. અમે તે બધા લોકોની માફી માગીએ છીએ, ખાસ કરીને તે ખાપ્સની, જેઓ ગયા વખતે અમને ટેકો આપવા માટે દૂર-દૂરથી આવ્યા હતા. ગઈ વખતે આપણે જે પણ ભૂલ કરી હતી, એને માફ કરી દો. આજે અમને તમારા બધાની ખૂબ જ જરૂર છે.

વિનેશ ફોગાટે સોમવારે સવારે કહ્યું, 'તમને બધાને નમસ્કાર, જેમ તમે જાણો છો. ૩ મહિના પહેલાં અમે રેસલિંગ ફેડરેશનના પ્રમુખ બ્રિજ ભૂષણ શરણ સિંહ સામે અવાજ ઉઠાવ્યો હતો. આપણે ત્યાં થોડી રાજનીતિ ચાલી રહી છે. સરકારે કમિટીની રચના કરી હતી. ૪ અઠવાડિયાંનો સમય માગ્યો હતો. અમે ૩ મહિનાથી રાહ જોઈ રહ્યા છીએ, આજે પણ અમને ન્યાય મળ્યો નથી.તેણે કહ્યું, 'બે દિવસ પહેલાં અમે પોલીસ સ્ટેશન ગયા હતા, જ્યાં ૭ યુવતીઓએ બ્રિજ ભૂષણ સામે કાર્યવાહી કરવા ફરિયાદ કરી છે. ફરિયાદમાં માગણી કરવામાં આવી છે કે બ્રિજ ભૂષણ દ્વારા કરાયેલા શારીરિક શોષણ સામે કાર્યવાહી કરવામાં આવે. પોલીસ અમારી એફઆઈઆર પણ નોંધતી નથી, ત્યાર બાદ તેઓ રાહ જોઈને જંતર-મંતર પર આવ્યા છે.

# સંજય રાઉતના દાવાથી રાજકીય ભૂકંપ, શિંદે સરકાર ૨૦ દિવસની જ મહેમાન

મુંબઈ

ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા સંજય રાઉતે ફરી એકવાર સનસનાટીપૂર્ણ દાવો કર્યો છે. સંજય રાઉતે દાવો કર્યો હતો કે, એકનાથ શિંદેના નેતૃત્વવાળી મહારાષ્ટ્ર સરકારનું ડેથ વોરંટ જારી કરવામાં આવી ચુક્યું છે અને વર્તમાન સરકાર આગામી ૧૫-૨૦ દિવસમાં જ પડી ભાંગશે. રાઉતના આ દાવા બાદ રાજ્યના રાજકીય ગલિયારાઓમાં હલચલ મચી જવા પામી છે. સંજય રાઉતે કહ્યું હતું કે, તેમની પાર્ટી કોર્ટના આદેશની રાહ જોઈ રહી છે અને આશા છે કે ન્યાય મળશે. રાજ્યસભાના સભ્ય રાઉત ઠાકરેના નેતૃત્વ સામે બળવો કરનારા શિવસેનાના ૧૬ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની માંગ કરતી અરજીઓના એક બેચ પર સુપ્રીમ કોર્ટના પેન્ડિંગ ચુકાદાનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

આ દરમિયાન સંજય રાઉતે કહ્યું હતું કે, વર્તમાન મુખ્યમંત્રી અને તેમના ૪૦ ધારાસભ્યોની સરકાર ૧૫-૨૦ દિવસમાં જ પડી જશે. આ સરકારનું ડેથ વોરંટ બહાર પાડવામાં આવી ચુક્યું છે. હવે એ નક્કી કરવાનું છે કે, કોણ સહી કરશે. જોકે સંજય રાઉતે અગાઉ પણ દાવો કર્યો હતો કે, શિંદે સરકાર ફેબ્રુઆરીમાં પડી જશે.ગયા વર્ષે જૂનમાં, શિંદે અને ૩૯ ધારાસભ્યોએ શિવસેના નેતૃત્વ સામે બળવો કર્યો હતો. પરિણામે ઠાકરેની આગેવાની હેઠળની મહા વિકાસ અઘાડી સરકાર (જેમાં NCP અને કોંગ્રેસ પણ સામેલ છે)નું વિભાજન અને પતન થયું હતું. બાદમાં એકનાથ શિંદેએ મહારાષ્ટ્રમાં સરકાર બનાવવા માટે ભારતીય જનતા પાર્ટી સાથે ગઠબંધન કર્યું હતું.

## દેશ-વિદેશથી

### ન્યૂઝીલેન્ડની ધરતી ધ્રુજી, ન્યૂઝીલેન્ડ દ્વીપ સમૂહમાં આવ્યો ૭.૩ની તીવ્રતાનો ભૂકંપ

ન્યૂઝીલેન્ડમાં ફરી એકવાર ધરતી ધ્રુજી છે, ન્યૂઝીલેન્ડના ઉત્તરપૂર્વમાં સ્થિત કર્માડેક ટાપુઓમાં આજે ૭.૩ની તીવ્રતાના ભૂકંપના ઝટકા અનુભવાયા છે. અમેરિકન જિયોલોજિકલ સર્વેએ આ અંગે જાણકારી પણ આપી છે. ભૂકંપનું કેન્દ્ર બિન્દું જમીનની નીચે ૧૦ કિલોમીટરની ઊંડાઈએ માપવામાં આવ્યુ હતું. ભૂકંપ ન્યૂઝીલેન્ડના લોકલ સમય મુજબ બપોરે ૧૨.૪૨ કલાકે આવ્યો હતો. કર્માડેક ટાપુઓ ન્યૂઝીલેન્ડના દરિયાકાંઠે લગભગ ૮૦૦ કિમી ઉત્તરપૂર્વમાં આવેલા છે. ખાસ વાત છે કે, ભૂકંપ બાદ હવે સુનામીની પણ ચેતવણી જાહેર કરવામાં આવી છે. સુનામીની સંભાવનાને ધ્યાનમાં રાખીને દરિયાકિનારાની નજીકના તમામ રહેવાસીઓને તાત્કાલિક ધોરણે સ્થળ છોડીને દુર જવા માટે કહી દેવામાં આવ્યુ છે. જોકે ભૂકંપ આવ્યાના લગભગ એક કલાક બાદ કહેવામાં આવ્યું હતું કે દેશમાં સુનામીનો કોઈ ખતરો નથી. ભૂકંપ આવ્યા બાદ સત્તાવાળાઓએ રહેવાસીઓને શક્ય તેટલી વહેલી તકે દરિયાકાંઠાના વિસ્તારો ખાલી કરવા વિનંતી કરી હતી. નેશનલ ઈમરજન્સી મેનેજમેન્ટ ઓથોરિટી (NEMA) એ લખ્યું, "જ્યાં ભૂકંપનો આંચકો એક મિનિટથી વધુ સમય માટે અનુભવાયો છે, ત્યાંના લોકોએ તરત જ ત્યાંનો દરિયાકાંઠો ખાલી કરી લેવો જોઈએ. આ વિસ્તારોમાં સુનામી આવી શકે છે, જેથી જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી ઉંચા વિસ્તારોમાં પહોંચો. લગભગ એક કલાક સુધી દેખરેખ રાખ્યા બાદ અધિકારીઓએ સુનામીની ચેતવણી પાછી ખેંચી લીધી હતી. જોકે, જો ભવિષ્યમાં ભૂકંપના આંચકા અનુભવાય તો રહેવાસીઓને દરિયાકાંઠાના વિસ્તારોમાંથી બહાર ખસી જવાની સલાહ આપવામાં આવી છે.

### અમેરિકન એરલાઈન્સનું વિમાન પક્ષી સાથે ટકરાયુ, ફ્લાઈટમાં લાગી ગઈ જોરદાર આગ

અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટ દૂર્ઘટનો શિકાર બની ગઈ છે. તેનું બોઈંગ-૭૩૭ વિમાન ટેકઓફ પછી આકાશમાં એક પક્ષી સાથે ટકરાઈ ગયુ હતુ. આ પછી તેમાં આગ લાગી. આગની ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ છે. વળી, વિમાનના ક્રૂ સ્ટાફને પણ ખબર પડી અને પછી વિમાનને તાત્કાલિક ઈમરજન્સી લેન્ડિંગ માટે કોલંબસ એરપોર્ટ ઉતારી દેવામા આવ્યુ હતુ. આ ઘટનાનો વીડિયો અત્યારે સોશ્યલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં પ્લેનમાં આગની ઝપેટમાં આવતા સ્પષ્ટ રીતે દેખી શકાય છે. તમે જોઈ શકો છો વિમાનમાં કેવી રીતે વારંવાર આગળની લપટો નીકળી રહી છે. અમેરિકન અધિકારીઓનું કહેવું છે કે, અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટ નંબર-૧૯૫૮ કોલંબસના જોન ગ્લેન કોલંબસ ઈન્ટરનેશનલ એરપોર્ટથી સવારે લગભગ ૭.૪૫ ઉપડી હતી, અને ફોનિક્સ તરફ જઈ રહી હતી. ટેકઓફના થોડા સમય બાદ જ આ આગની ઘટના ઘટી અને જાણ થતાંજ વિમાનને એરપોર્ટ પર પાછું લાવવું પડ્યુ હતુ. બોઈંગ-૭૩૭ વિમાન એરપોર્ટ પર લેન્ડ થતાની સાથે જ ફાયર બ્રિગેડની ટીમો દોડી આવી હતી, તેઓએ ઝડપથી આગ પર કાબુ મેળવી લીધો હતો, આ પછી આની કેટલીય તસવીરો સામે આવી હતી. તસવીરોમાં પણ જોઈ શકાય છે કે વિમાનના એન્જિનમાં લાગેલી આગ હોલવાઈ ગઈ છે, અને ફાયર બ્રિગેડના જવાનો ત્યાં ઉભા છે.ટ્વિટર પર JACDEC દ્વારા કરવામાં આવેલા ટ્વીટ્સમાં તમે AA ૧૯૫૮ના લેન્ડિંગ પછીની તસવીરો જોઈ શકો છો. જોકે હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે આ વિમાનમાં કેટલા મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સવાર હતા. એરલાઈને જણાવ્યું હતું કે, રિપેરિંગ માટે વિમાનને અત્યારે સર્વિસમાંથી બહાર રાખવામાં આવ્યું છે, અને પછીથી તેનો યૂઝ મુસાફરોને અન્ય સ્થળોએ લઈ જવા માટે કરવામાં આવશે. એરપોર્ટ અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમની સેવા પહેલાની જેમ બરાબર કામ કરી રહી છે અને આગને કારણે વિમાનને વધુ નુકસાન થયું નથી.

### ભારતીય સેનાની મહિલા અધિકારીઓ હવે ચલાવશે હોવિત્ઝર તોપ અને રોકેટ સિસ્ટમ, કમાન્ડ રોલ માટે તાલીમ અપાશે

ભારતીય સેના હવે હોવિત્ઝર કેનન અને રોકેટ સિસ્ટમ કમાન્ડ માટે મહિલા અધિકારીઓને તાલીમ આપવા જઈ રહી છે. સેનાએ મહિલા અધિકારીઓને કર્નલ અને તેનાથી આગળની કમાન્ડ અને નેતૃત્વની ભૂમિકાઓ માટે તાલીમ આપવાના પ્રયાસો તેજ કર્યા છે. ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમીમાંથી પાસ આઉટ થયા બાદ ફ્રન્ટલાઈન આર્ટિલરી રેજિમેન્ટમાં પાંચ મહિલા કેડેટ્સને કમિશન કરવામાં આવશે. ઓફિસર્સ ટ્રેનિંગ એકેડમીની પાસિંગ આઉટ પરેડ ૨૯ એપ્રિલે ચેન્નાઈમાં યોજાશે. એક વરિષ્ઠ અધિકારીએ શનિવારે જણાવ્યું હતું કે, "સેનાએ મહિલા અધિકારીઓને નેતૃત્વની ભૂમિકાઓ માટે સશક્ત બનાવીને ઝડપથી સમાવેશ તરફ આગળ વધે તે સુનિશ્ચિત કરવા માટે અનેક સ્તરે આવી શ્રેણી શરૂકરી છે." તેમણે ધ્યાન દોર્યું કે ઓપરેશનલ, ઈન્ટેલિજન્સ, લોજિસ્ટિક્સ અને વહીવટી પાસાઓમાં કમાન્ડને મજબૂત કરવા માટે મહિલા અધિકારીઓને તૈયાર કરવા માટે તાજેતરમાં મહુમાં આર્મી વોર કોલેજમાં ખાસ 'વરિષ્ઠ કમાન્ડ' કોર્સ હાથ ધરવામાં આવ્યો હતો. આ વર્ષની શરૂઆતમાં, એક વિશેષ પસંદગી બોર્ડ દ્વારા, સેનાએ કર્નલ-રેન્કમાં ૧૦૮ મહિલા અધિકારીઓને કમાન્ડ સોંપણી માટે ઘણી નીતિઓ હળવી કરી હતી. અધિકારીએ કહ્યું કે સરકારે ખાસ કરીને આ મહિલા અધિકારીઓ માટે ૧૫૦ વધારાની ખાલી જગ્યાઓ બહાર પાડી છે. તેથી પુરૂષ અધિકારીઓ માટે ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પર કોઈ અસર થતી નથી. એક વરિષ્ઠ અધિકારીએ શનિવારે જણાવ્યું હતું કે, "સેનાએ બહુવિધ સ્તરો પર આવી ક્રિયાઓની શ્રેણી શરૂકરી છે. આનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે મહિલા અધિકારીઓને નેતૃત્વની

## તંત્રી સ્થાનેથી...

# પ્રવાસન ક્ષેત્રનો નવો રાઉન્ડ

હાલમાં, ભારતનો સ્થાનિક અને વૈશ્વિક પ્રવાસન ઉદ્યોગ હવે કોવિડ-૧૯ના નિરાશાજનક પ્રવાસન પરિદ્રશ્યને પાર કરીને ફૂદકે ને ભૂસકે આગળ વધતો જોવા મળે છે. ઈન્ડિયા ટૂરિઝમ સ્ટેટિસ્ટિક્સ ૨૦૨૨ રિપોર્ટ જણાવે છે કે ગ્લોબલ ટ્રાવેલ અને ગ્લોબલ ટૂરિઝમ ઈન્ડેક્સમાં ભારતનું રેન્કિંગ ૨૦૨૧માં ૫૪મું હતું. કોવિડ -૧૯ રોગચાળા અને પ્રતિબંધોને કારણે ૨૦૨૧ માં ભારતમાં વિદેશી પ્રવાસીઓના આગમનમાં ૪૪.૫ ટકાનો ઘટાડો થયો છે. વર્ષ ૨૦૨૦માં ૨.૭૪ મિલિયન વિદેશી પ્રવાસીઓએ ભારતની મુલાકાત લીધી હતી. જ્યારે ૨૦૨૧માં આ સંખ્યા ઘટીને ૧.૫૨ મિલિયન થઈ ગઈ. હવે વર્ષ ૨૦૨૨થી વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ઝડપથી વધારો થવા લાગ્યો છે. વર્ષ ૨૦૨૨માં લગભગ ૬.૯ મિલિયન વિદેશી પ્રવાસીઓ ભારતમાં આવ્યા હતા. ભારતમાં, ૨૦૨૧ માં ૬૭૭.૬૩ મિલિયન લોકોએ સ્થાનિક પ્રવાસી પ્રવાસો લીધા હતા, જે ૨૦૨૦ માં ૬૧૦.૨૨ મિલિયન કરતા ૧૧.૦૫ ટકા વધુ છે. ખાસ વાત એ છે કે વિશ્વભરના તમામ પ્રવાસીઓમાંથી લગભગ ૧.૬૪ ટકા વિદેશી પ્રવાસીઓ ભારતમાં આવે છે. હવે જે રીતે સરકાર દેશમાં સ્થાનિક અને વિદેશી પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ઉચ્ચ પ્રાથમિકતા આપી રહી છે, તેનાથી ભારતમાં સ્થાનિક અને વિદેશી પ્રવાસીઓની સંખ્યા અને તેમાંથી થતી કમાણી વધવાની શક્યતાઓ ઉભી થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨ માર્ચે 'મિશન મોડમાં પ્રવાસનનો વિકાસ' વિષય પર પોસ્ટ-બજેટ વેબિનારને સંબોધિત કરતા કહ્યું હતું કે વર્ષ ૨૦૨૩-૨૪ના કેન્દ્રીય બજેટમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસન માટે વ્યાપક પેકેજ રાજ્યમાં ૫૦ નવા પ્રવાસન સ્થળો વિકસાવવાની જાહેરાત સાથે પ્રવાસન ક્ષેત્રના વિકાસની ગતિ વધુ વેગવંતી બને તેવી શક્યતા છે. પ્રવાસન ક્ષેત્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે ૨૦૨૩-૨૪ના કેન્દ્રીય બજેટમાં ૧૭૪૨ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે હવે એ માન્યતા તૂટી ગઈ છે કે પર્યટન એક ફેન્સી શબ્દ છે જે દેશના ઉચ્ચ આવક ધરાવતા જૂથો સાથે જ જોડાયેલો છે. આપણાં ગામડાઓ પર્યટનનાં કેન્દ્રો બની રહ્યાં છે અને માળખાકીય સુવિધાઓમાં સુધારાને કારણે હવે દૂરના ગામડાઓ પર્યટનના નકશા પર આવી રહ્યાં છે. કેન્દ્ર સરકારે સરહદની નજીક આવેલા ગામો માટે 'વાઈબ્રન્ટ વિલેજ સ્કીમ' શરૂકરી છે અને હોમસ્ટે, નાની હોટેલ્સ અને રેસ્ટોરન્ટ્સ જેવા ગ્રામીણ મૈત્રીપૂર્ણ વ્યવસાયોને સમર્થન આપવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. વાસ્તવમાં સુવિધાઓમાં વધારો થવાને કારણે પ્રવાસીઓમાં પ્રવાસન પ્રત્યેનું આકર્ષણ વધ્યું છે. આ સાથે દેશી-વિદેશી પ્રવાસીઓની આવકમાં વધારો અને પ્રવાસનમાંથી રોજગારમાં વધારો થવાથી આર્થિક-સામાજિક ચિત્રમાં સુધારો થઈ રહ્યો છે. વારાણસીમાં કાશી વિશ્વનાથ ધામ મંદિરના પુનઃનિર્માણ પહેલા, એક વર્ષમાં લગભગ ૮૦ લાખ લોકો અહીં આવતા હતા, પરંતુ નવીનીકરણ પછી, વર્ષ ૨૦૨૨ માં પ્રવાસીઓની સંખ્યા વધીને ૭૦ મિલિયનથી વધુ થઈ ગઈ છે. કેદાર ખીણમાં પુનઃનિર્માણ કાર્ય પૂર્ણ થયું તે પહેલાં અહીં માત્ર ૪.૫ લાખ શ્રદ્ધાળુઓ આવતા હતા તેની સરખામણીએ ગયા વર્ષે ૧.૫ મિલિયન ભક્તો બાબા કેદારના દર્શન કરવા આવ્યા હતા. ગુજરાતના પાવાગઢમાં પણ આવું જ આગમન થયું છે. ગત વર્ષે ૮૦ હજાર યાત્રિકો મા કાલિકાના દર્શન કરવા આવ્યા હતા જ્યારે જીર્ણોદ્ધાર પહેલા માત્ર ૪ થી ૫ હજાર લોકો આવ્યા હતા. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ પૂર્ણ થયાના એક વર્ષમાં ૨૭ લાખ પ્રવાસીઓએ અહીં મુલાકાત લીધી છે. નિઃશંકપણે, જેમ જેમ ભારતના પ્રવાસન સ્થળોનો વિકાસ થઈ રહ્યો છે અને વિશ્વને તેના વિશે માહિતી મળી રહી છે, તેમ ભારતમાં વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. ગયા વર્ષે જાન્યુઆરી ૨૦૨૨માં માત્ર ૨ લાખ પ્રવાસીઓની સરખામણીએ આ વર્ષે જાન્યુઆરી ૨૦૨૩માં ૮ લાખ વિદેશી પ્રવાસીઓ ભારતમાં આવ્યા છે. ભારતની મુલાકાતે આવતા વિદેશી પ્રવાસીઓ સરેરાશ ૧૭૦૦નો ખર્ચ કરે છે, જ્યારે આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ યુએસમાં સરેરાશ ૨૫૦૦ અને ઓસ્ટ્રેલિયામાં ૫૦૦૦નો ખર્ચ કરે છે. ભારત પાસે વધુ ખર્ચ કરનારા પ્રવાસીઓને ઓફર કરવા માટે ઘણું બધું છે. આવી સ્થિતિમાં દરેક રાજ્યએ આ વિચાર અનુસાર પોતાની પ્રવાસન નીતિમાં ફેરફાર કરવાની જરૂર છે. તેમાં કોઈ શંકા નથી કે ભારતના આવા ઘણા તેજસ્વી બિંદુઓ છે, જે દેશમાં પ્રવાસનના વિવિધ આયામોને આગળ લઈ જતા જોવા મળે છે. ભારત જેવા વૈવિધ્યસભર દેશમાં પ્રવાસન માટે અપાર સંભાવનાઓ છે. અહીંની સંસ્કૃતિ, સંગીત, હસ્તકલા, ખોરાક અને પ્રાકૃતિક સૌંદર્ય હંમેશા દેશી અને વિદેશી પ્રવાસીઓને આકર્ષે છે. દેશમાં વિવિધ પ્રકારનું પર્યટન ઝડપથી આગળ વધી રહ્યું છે. જેમાં કોસ્ટલ ટુરીઝમ, બીચ ટુરીઝમ, હિમાલયન ટુરીઝમ, એડવેન્ચર ટુરીઝમ, વાઈલ્ડ લાઈફ ટુરીઝમ, ઈકો ટુરીઝમ, હેરીટેજ ટુરીઝમ, સ્પિરીચ્યુઅલ ટુરીઝમ, વેડિંગ વેન્યુ ટુરીઝમ, સ્પોર્ટસ ટુરીઝમ, રામાયણ સર્કિટ, બુદ્ધ સર્કિટ, ક્રિષ્ના સર્કિટ, ગાંધી સર્કિટ, હેરીટેજ ટુરીઝમનો સમાવેશ થાય છે. જીઓ-હેરીટેજ ટુરીઝમ, યોગ, આયુર્વેદ અને મેડિકલ ટુરીઝમ વગેરે અગ્રણી છે. નિઃશંકપણે, ભારતમાં આ સમયે પ્રવાસનને નવી ઊંચાઈએ લઈ જવા માટે આઉટ ઓફ બોક્સ વિચારવાની અને આગળની યોજના બનાવવાની જરૂર છે. નાગરિક સુવિધાઓ, સારી ડિજિટલ કનેક્ટિવિટી, સારી હોટેલો અને હોસ્પિટલો, ગંદકીનો કોઈ પત્તો નહીં અને ઉત્તમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે, ભારતનું પ્રવાસન ક્ષેત્ર અનેકગણો વિકાસ કરી શકે છે. નવા બજેટ હેઠળ આવા ૫૦ પર્યટન સ્થળો વિકસાવવા પડશે, જ્યાં વિશ્વના દરેક પ્રવાસી ભારતની મુલાકાત લેવા માટે બંધાયેલા હશે. ભારતીય પ્રવાસન સ્થળો માટેની એપ્સ પણ યુએનમાં સૂચિબદ્ધ તમામ ભાષાઓમાં વિકસાવવી પડશે. ખરેખર, આવી વ્યૂહરચનાથી પ્રવાસન ક્ષેત્રને ભારતીય અર્થતંત્રનો મજબૂત આધાર બનાવી શકાય છે. મહત્વનું છે કે આ સમયે જ્યારે વર્ષ ૨૦૨૩માં ભારત દ્વારા ૯-૨૦ની અધ્યક્ષતા થઈ રહી છે અને જાન્યુઆરી ૨૦૨૩થી ૯-૨૦ દેશોના પ્રતિનિધિઓ સાથે વિશ્વના વિવિધ દેશોના મહેમાનો પણ કાર્યકારી જૂથમાં સામેલ થઈ રહ્યા છે. ભારતમાં ૯-૨૦ ના. તમે જે રીતે ભારતના પ્રવાસન કેન્દ્રોની બેઠકોમાં ભાગ લેવા સાથે વિવિધ રાજ્યોમાં સ્થિત પ્રવાસન સ્થળોમાં રસ દાખવી રહ્યા છો, તે રીતે વિશ્વમાં ભારતના પ્રવાસન સ્થળોનો વ્યાપક પ્રચાર થશે. અમે આશા રાખી શકીએ છીએ કે વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતનું પ્રવાસન ક્ષેત્ર ૨૫૦ બિલિયન સુધીની કમાણી કરતું જોવા મળશે. તેમજ વિશ્વના વધુ દેશોમાંથી વધુ વિદેશી પ્રવાસીઓને ભારતમાં પ્રવાસન માટે આકર્ષી શકાય છે. ચાલો આશા રાખીએ કે ભારત સરકાર દ્વારા ૨૦૩૦ સુધીમાં પ્રવાસન ઉદ્યોગ દ્વારા ૫૬ બિલિયન વિદેશી હૂંડિયામણ કમાવવા અને સમાવેશી વિકાસ દ્વારા લગભગ ૧૪૦ મિલિયન નોકરીઓનું સર્જન કરવાનો નિર્ધારિત લક્ષ્યાંક વાસ્તવિકતામાં જોવા મળશે. તે જ સમયે, આપણે આશા રાખીએ કે પ્રવાસન ક્ષેત્ર ભારતીય અર્થવ્યવસ્થાના મજબૂત આધાર તરીકે જોવામાં આવશે અને સરકાર દ્વારા વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને એક ટ્રિલિયન ડોલરની પ્રવાસન અર્થવ્યવસ્થા ધરાવતો દેશ બનાવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવશે. આઝાદીનું ૧૦૦મું વર્ષ, ફોકસમાં આવી રહ્યું છે. જોવામાં આવશે. પ્રવાસન વિકાસનું ચિત્ર ઉજળું દેખાય છે.

# મુન્દ્રાની બી.એડ. કોલેજમાં સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ

### "સાયબર કાઈમ" અને "તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં" નાટકે યુવાનોને મનોરંજન સાથે માહિતી પૂરી પાડી

રતાડીયા (ગણેશવાલા),

મુન્દ્રાની આર. ડી. એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એસ. ડી. શેઠીયા બી.એડ. કોલેજમાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સાથે કોલેજના ક્લાર્ક શશીકાંત નાંઢાને વયનિવૃત્ત થતા વિદાય આપવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય અને સ્વાગત ગીત બાદ સમારંભના અધ્યક્ષ કોલેજના પ્રિન્સિપાલ ડો. લાલજીભાઈ વી. ફફલે પ્રસંગ પરિચય આપતા સરળ વ્યક્તિત્વ અને સેવાપરાયણતાથી સૌના હૃદયમાં આગવું સ્થાન મેળવનાર મૂળ અમરેલીના અને કચ્છને કર્મભૂમિ બનાવનાર શશીકાંતભાઈની ઉપ વર્ષની સેવા ભાવના સાથે કરેલ કામગીરીને બિરદાવતા શાળામિત્રથી સંસ્થાના સહકર્મી સુધીની સફરના સંસ્મરણો વાગોળતા નિવૃત્ત જીવન તંદુરસ્ત અને નીરોગી રીતે પસાર થાય એવી શુભેચ્છાઓ પાઠવી હતી. વિદાય સમારંભમાં આર.ડી. એજ્યુકેશન ટ્રસ્ટના વ્યવસ્થાપક સમિતિના ખજાનચી હિંમતભાઈ ગણાત્રા, સહમંત્રી સુનિલભાઈ મહેતા તથા સચિનભાઈ ગણાત્રા અને કોલેજના પ્રોફેસર ડો. કૈલાશભાઈ નાંઢા, ડો. દિનેશભાઈ પટેલ, ડો. હિતેશભાઈ કગથરા, કમલાબેન કામોલ, નેહાબેન ઠક્કર ભૂતપૂર્વ સિનિયર ક્લાર્ક રાજુભાઈ જાની, વિમલભાઈ જોબનપુત્રા તથા તાલીમાર્થી ભાઈ - બહેનો ઉપસ્થિત રહી પ્રશસ્તિપત્ર અને મોમેન્ટો આપીને તેમનું સન્માન કર્યું હતું. વિદાય લઈ રહેલા શશીકાંતભાઈએ સંસ્થા અને સ્ટાફ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

કોલેજના બીજા વર્ષના વિદાય લઈ રહેલા તાલીમાર્થીઓનું બે વર્ષ દરમિયાન કરેલ શ્રેષ્ઠ કામગીરી અને વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થવા બદલ ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. તથા સાંસ્કૃતિક કાર્યક્રમના કો-ઓર્ડીનેટર પ્રો. ડો. દિપકભાઈ પંડ્યાના માર્ગદર્શન હેઠળ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા વાર્ષિકોત્સવની રંગારંગ ઉજવણીમાં સમૂહ ગીત, નૃત્ય અને નાટક રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં "સાયબર કાઈમ" અને "તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં" નાટકે યુવાનોને મનોરંજન સાથે માહિતી પૂરી પાડી હતી. ગુજરાતી અને હિન્દી વિભાગના તાલીમાર્થીઓ દ્વારા તૈયાર કરેલ સ્વરચિત અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું. વિદાય લેતા તાલીમાર્થીઓએ કોલેજ પત્યે ઋણ અદા કરતા ભેટ આપીને પોતાના પ્રતિભાવો આપતા આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન તિતિક્ષાબેન પ્રકાશભાઈ ઠક્કર અને હેમાંશીબેન રાજેશભાઈ ચૌહાણએ કર્યું હતું જયારે આભારવિધિ રિયાબેન પરેશભાઈ ડુડિયાએ કરી હતી.

# કચ્છમાં ક.વી.ઓ. જૈન મહાજન ભુજ દ્વારા પલ્મોનરી (ફેફસાંની) બિમારીના નિદાન અને સારવાર કેમ્પ યોજાયો : દર્દીઓએ લાભ લીધો

ભુજ,

અનશનવ્રતધારી,જૈન સમાજરત્ન શ્રી તારાચંદભાઈ જગશી છેડાની પ્રેરણાથી શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ સંચાલીત શ્રી રતનશી ટોકરશી વોરા મેડીકલ ચેકઅપ સેન્ટર ભુજ મધ્યે પલ્મોનરી (ફેફસાંની) વિવિધ બિમારીના સુપર નિષ્ણાંત ડૉકટરશ્રીઓના વિના મુલ્યે નિદાન તથા સારવારના કેમ્પનો આયોજન આવ્યુ હતુ. જેનો બહોળી સંખ્યામાં દર્દીઓએ લાભ લઈ પોતાની બિમારીનું નિદાન કરાવ્યુ હતુ. આજના આ કેમ્પમાં ફેફસાની બિમારીના દર્દીના શરીરનું વિશ્લેષણ કરી શરીરમાં તમામ ચરબી,પ્રોટીન અને સ્નાયુ સમૂહ નકકી કરતા મશીનરી દ્વારા વિના મુલ્યે તપાસણી કરવામાં આવી હતી.

સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાએ જણાવ્યુ હતુ કે શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ સંચાલીત શ્રી રતનશી ટોકરશી વોરા મેડીકલ ચેકઅપ સેન્ટર ભુજ મધ્યે છેલ્લા લાંબા સમય થી જે સુપર નિષ્ણાંત ડાકટરશ્રીઓ સ્થાનિકે ઉપલબ્ધ નથી તેવા નિષ્ણાંત ડૉકટરશ્રીઓને અમદાવાદ કે મુંબઈથી સ્થાનિકે બોલાવીને કચ્છના લોકોને સારા સ્વાસ્થય માટે સેવા પુરી પાડવામાં આવે છે. જેના અનુસંધાનમાં કોરોનાની મહા બિમારી પછી કચ્છ જિલ્લામાં સૌ પ્રથમ વખત અમારી સંસ્થા ધ્વારા વિના મુલ્યે પલ્મોનરી (ફેફસાંની) વિવિધ બિમારીના નિદાન અને સારવાર કેમ્પ યોજાયો.જેમાં કચ્છભરમાંથી બહોળી સંખ્યામાં દર્દીઓએ લાભ લઈ પોતાની બિમારીનું નિદાન કરાવ્યુ હતુ.

આ કેમ્પમાં સેવા આપનાર ડૉ. ઈશા ત્રિવેદી(એમ·પી.ટી.) અને ડા. રોનક ચૌલવીયા (એમ·પી.ટી.)એ સંયુક્ત યાદીમાં જણાવ્યુ હતુ કે આજના ફાસ્ટ સમયમાં બદલાતી જતી જીવનશૈલી, ધુમ્રપાનની આડત, ખાવામાં બેકાળજી, વધતુ જતુ વજન વિગેરે ફેફસાંની બિમારીના મુખ્ય કારણો છે.જે રોકવા માટે ફેફસાની વિવિધ કરસરતો દર્દીઓને શીખડાવવામાં આવી હતી. જેના ારા ફેફસા મજબુત થાય,શ્વાસ ચડછાની બિમારીથી મુક્તિ મળે,ગળફો નિકળતો બંધ થાય,વારંવાર આવતી ખાંસી બંધ થાય છે. ફેફસાની બિમારી ધરાવતા દર્દીઓએ વરસમાં એક વખત ફેફસાના ડૉકટરશ્રીને બતાવવુ જરૂરી છે જેથી બિમારીને આગળ વધતી અટકાવી શકાય.

સંસ્થાના મેડીકલ કન્વીનર શ્રી ડૉ. દેવચંદભાઈ ગાલા અને મેડીકલ ઓફિસર ડૉ. અશોકભાઈ ત્રિવેદીની સંયુક્ત યાદીમાં જણાવ્યા પ્રમાણે કચ્છભરના કોઈપણ લોકોને મેડીકલને લગતી કાંઈ પણ સમસ્યા હોય તો અમારી સંસ્થા શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજનો સંપર્ક કરવા જણાવ્યુ હતુ. આજના કેમ્પને સફળ બનાવવા માટે સંસ્થાના જનરલ મેનેજર અંકિત ગાલા, હરનીશભાઈ મહેતા, હસમુખભાઈ શેઠીયા,વિપુલઈ જોષી અમદાવાથી આવેલ ડૉકટરશ્રીના આસીસટન્ટ સમીરભાઈ, રીશીતભાઈ વિગેરે જહેમત ઉઠાવી હતી.

# વાગડમાં મુસ્લિમ બિરાદરો દ્વારા રમઝાન ઈદની ઉજવણી કરવામાં આવી

રાપર,

મુસ્લિમ સમાજ નો પવિત્ર રમઝાન માસ પૂર્ણ થતાં આજે રમઝાન ઈદ ની ઉજવણી કરવામાં આવી હતી વાગડ વિસ્તારમાં મુખ્ય મથક રાપર સલારી નંદાસર નિલપર ચિત્રોડ આડેસર ફતેહગઢ ગાગોદર પલાંસવા ટગા વિજાપુર સહિત ના ગામોમાં મુસ્લિમ સમાજ ના ભાઈઓ અને બહેનો એ રમઝાન ઈદ ની ઉજવણી કરી હતી જેમાં એક બીજા ને ઈદ મુબારક ની શુભેચ્છાઓ પાઠવી હતી રાપર શહેર ના જુમા મસ્જિદ ખાતે થી નિકળી મુસ્લિમ બિરાદરો એ આંઢવાળા તળાવ પાસે આવેલ ઈદગાહ ખાતે નમાઝ અદા કરી હતી આ સમયે મુસ્લિમ સમાજ ના આગેવાનો સૈયદ અનવરશા બાપુ હાજીભાઈ ખાસકેલી રમઝાન મહિડા લાલમામદ રાઉમા ઈસ્માઈલભાઈ પણકા જાનખાન બલોચ રસુલ ભાઈ કુતુબશા શેખ સહિત ના આગેવાનો ઉપસ્થિત રહ્યા રાપર પોલીસ દ્વારા પ્રોબેશન ડીવાયએસપી પી જે રેણુકા પોલીસ ઈન્સ્પેક્ટર વી કે ગઢવી પીએસઆઈ જી બી માજીરાણા પીએસઆઈ આર આર આમલીયાર કમલેશ ચાવડા મુકેશ ઠાકોર નરેશ ઠાકોર મહેશ પટેલ મુકેશ સિંહ રાઠોડ ભાઉભા સોઢા બાબુભાઈ કારોત્રા સામજીભાઈ આહિર સહિત ના પોલીસ કર્મચારીઓ એ બંદોબસ્ત જાળવ્યો હતો રાપર શહેરમાં હિન્દુ મુસ્લિમ સમાજ દ્વારા ભાઈચારાની ભાવના સાથે આજે રમઝાન ઈદ પરશુરામ જયંતી અખાત્રીજ ની ઉજવણી કરવામાં આવી હતી.

### માંડવીમાં ડાયાબીટીશનો નિઃશુલ્ક મેડીકલ કેમ્પ યોજાયો

# દાતાના સહયોગથી સ્વ.ચેતન મહેતાની ૧૯ મી પુણ્યતિથિએ નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રનું આયોજન

માંડવી,

બંદરીય માંડવી શહેરમાં સ્વ.ચેતન વેલજીભાઈ મહેતાની ૧૯ મી પુણ્યતિથિએ માંડવીની ભાટીયા હોસ્પીટલમાં શાહ દિનેશભાઈ ના સૌજન્યથી ૧૩ વર્ષથી વર્ષમાં ૩૬૫ દિવસ સતત કાર્યરત જૈન સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રનાં ઉપકમે ડાયાબીટીશનો નિઃશુલ્ક મેડીકલ કેમ્પ તા.૨૨-૪ ના યોજાયો હતો.

નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રનાં પ્રમુખ શ્રી વી.જી.મહેતાએ દિપ પ્રગટાવીને ડાયાબીટીશના નિઃશુલ્ક મેડીકલ કેમ્પ ને ખુલ્લો મુકતા સંસ્થાની વિવિધ સેવાકીય પ્રવૃતિઓની વિગતે માહીતી આપી હતી.

પ્રારંભમાં નવચેતન સંસ્થાના પ્રોજેક્ટ ચેરમેન અને મેડીકલ કેમ્પના દાતા દિનેશભાઈ શાહે લ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી સ્વ.ચેતન મહેતાને શ્રદ્ધાંજલી અર્પી હતી.

કેમ્પમાં સેવા આપતા ડૉ.જય કિર્તિભાઈ મહેતાએ ભાટીયા હોસ્પીટલમાં અવાર નવાર યોજાતા ડાયાબીટીશના નિઃશુલ્ક મેડીકલ કેમ્પનો માંડવીના નગરજનોને લાભ લેવા અનુરોધ કર્યો હતો. ભુજથી ઉપસ્થીત રહેલા સંસ્થાના સક્રિય કાર્યકર અને ભુજની સરકારી રાવલવાડી પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી શાંતિલાલભાઈ મહેતાએ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી કેમ્પના આયોજન બદલ કેમ્પના દાતા દિનેશભાઇ શાહને અભિનંદન પાઠવી સ્વ.ચેતન મહેતાને શ્રદ્ધાંજલી અર્પી હતી. સંસ્થાના સક્રિય કાર્યકર અને માંડવી તપગચ્છ જૈન સંઘના ટ્રસ્ટી શ્રી જયેશભાઈ ચંદુરાએ પણ સંસ્થાની પ્રવૃતિઓને બિરદાવી જીવદયા પ્રેમી સ્વ.ચેતન મહેતાને શ્રદ્ધાંજલી અર્પી હતી.

આ કેમ્પમાં ગ્લુકોમીટરની મદદથી બ્લડ સુગર નું અને બ્લડપ્રેશરનું ચેકઅપ ડૉ.જય મહેતાએ કરેલ હતું. કેમ્પનો માંડવીના નગરજનોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. સુરેશભાઈ સોમૈયા(ભુજ) નિવૃત નાયબ મામલતદારશ્રી શોશીભાઈ (માંડવી) તેમજ ભાઈલાલભાઈ દેવધર વિગેરે ઉપસ્થીત રહીને સહયોગી રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિનેશભાઈ શાહે કરેલ હતું. જયારે જયેશભાઈ ચંદુરાએ આભાર દર્શન કરેલ હતું.

# કેશર કેરીનો સ્વાદ હજુ એક માસ પછી મળશે

આણંદપર(યક્ષ)

કચ્છની કેશર કેરી દેશ-વિદેશમાં પ્રખ્યાત છે.અને સ્વાદમાં પણ બીજા રાજય અને જિલ્લાઓ કરતા સ્વાદમાં એકદમ સ્વાદિષ્ટ હોવાથી કચ્છની કેરીની ખુબજ માંગ રહેલી હોય છે.કચ્છમાં આંબાના ઝાડપર માર્ચ મહિનામાં મોર(બુર) લાગવાની તૈયારી જોવા મળતી હોય છે.અને આ કેશર કેરીના ઝાડપર કેરીને શાખ માં મહિના અંતિમ દિવસમાં અને જૂન મહિનાની શરૂઆતમાં આવે છે.જયારે બુર લાગતા હોય છે.ત્યારે એવું લાગતું હોય છે કે આ વર્ષ કેરીનો પાક સારો થશે પણ જયારે આંબા પર કેરી ઓછી જોવા મળતી હોય છે.આ વર્ષ પણ એવીજ પરિસ્થિતિ જોવા મળી રહી છે.આ વર્ષ જયારે આંબાના ઝાડપર બુર પછી નાની કેરીઓ લાગી હતી ત્યારે માવઠા સાથે કરા પડતા કેરીનું હબ ગણાતા ગઢશીશા વિસ્તારમાં કેરીને ઘણું નુકશાન થયું છે.

જયારે રત્નાગીરી(મહારાષ્ટ્ર) તેમજ જુનાગઢ,તળાજા (સૌરાષ્ટ્ર)માં મેં મહિનાની શરૂઆતમાં જ કેરીઓ બજારમાં આવી જતી હોય છે.આમ શરૂઆતમાં આ કેરીના ભાવ ઉંચા હોવાથી ત્યાંના ખેડુતોને ફાયદો સારો થાય છે અને પુરેપુરો પાકનું વેચાણ કરી શકે છે.પાક વહેલો આવવાથી વરસાદનું વિઘ્ન નડતું નથી.અને ખેડુતો અને વેપારીઓ વરસાદ પડવાથી પહેલા કેરીઓ વેચાઈ જવાથી સારો એવો નફો કરી લે છે.

જયારે કચ્છમાં આ કેરીનો પાક જેઠ મહિના ની અંતમાં તેમજ અષાઢની શરૂઆતમાં આવતા માંડ પંદરથી વિસ દિવસ ખેડુતો અને વેપારીઓ આ કેરીના સોદા કરીને બીજા રાજય તેમજ વિદેશમાં નિકાસ કરતા હોય છે ત્યાં અષાઢ મહિનામાં વરસાદ જેવું વતાવરણ થતા વરસાદી ઝાપટા પડતા ઝાડપરની કેરી પર વરસાદી પાણી પડતા તેમાં નાની નાની જીવાતો પડવાથી લોકો તેને ખરીદતા નથી.અને વિદેશમાં પણ સપ્લાય નથી થતો અને જે કેરીનો પાક ઉતારેલો ગોડાઉનમાં હોય છે એને નુકસાન નથી થતું.

આ બાબતે નખત્રાણા તાલુકાના સાંયરા(યક્ષ)ના ખેડુત ભીમજીભાઈ પારસીયા જણાવે છે કે કચ્છમાં કેશર કેરીનો પાક મોડો આવવાથી ખેડુતો અને વેપારીઓને વેપાર કરવા માટે પંદર થી વિસ દિવસ માંડ મળે છે.શરૂઆતમાં આ આંબાના ઝાડપર મોર(બુર)એટલા લાગેલા જોવા મળતા હોય છે.પણ ત્યારબાદ માક(ઝાકળ) તેમજ વાતાવરણ સાથે પવન સાથે માવઠું થતા મોર સાથે લાગેલી નાની કેરીઓ પડી જતા અધથી વધારે નુકસાન ખેડુતોને ભોગવવાનો વારો આવે છે.જેઠ-અષાઢમાં વરસાદ ના પડેતો ખેડુતો અને વેપારીઓને ફાયદો થાય છે.જેઠ-અષાઢમાં આ પાકને નુકસાન કરવા ફૂલ વરસાદતો નથી આવતો પણ ઝાપટા રૂપી વરસાદ વરસીને આ કેરીના પાકને નુકસાન પહોચાડવા આવે છે.જેથી કરીને ખેડુતો અને વેપારીઓ બંનેને નુકસાન વેઠવું પડે છે.અને બીજા રાજય અને જીલ્લાઓ કરતા એક મહિના પાછળ કચ્છની કેશર કેરીનો સ્વાદ માણવા મળે છે. તેવું ખેડુત ભીમજીભાઈએ જણાવ્યું હતું.

# માંડવીમાં જૈનાચાર્યની ૧૦૦મી જન્મ શતાબ્દી ભક્તિભાવ પૂર્વક ઉજવાઇ

માંડવી,

કચ્છ-વાગડ દેશોદ્ધારક અધ્યાત્મયોગી પ .પૂ. આચાર્યદેવ શ્રીમદ વિજય કલાપૂર્ણસુરિશ્વરજી મ.સા.ની ૧૦૦ મી જન્મશતાબ્દી તા.૨૨-૪ ને શનિવારના રોજ ભક્તિભાવ પૂર્વક ઉલ્લાસભેર ઉજવાઈ હતી.

માંડવીમાં શિતલનાથ પ્રમુજી, પાર્શ્વનાથ પ્રભુજી તથા મહાવીર સ્વામી ભગવાનના દહેરાસરમાં બહોળી સંખ્યામાં ભાવિકોએ પ્રભુજીની પૂજા કરી હતી. પૂજા કરનાર ભાવિકોને તપગચ્છસંઘ તરફથી રૂા. ૧૦ ના પ્રભાવના કરવામાં આવેલ હોવાનું તપગચ્છ જૈન સંઘના પ્રમુખ શ્રી ચંદ્રેશભાઈ શાહે જણાવ્યું હતું.

બપોરે આયંબીલ ગ્રુપ તરફથી આયંબિલ તપનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં માંડવીના સમસ્ત જૈન સમાજના પાંચે ગચ્છના કુલ ૮૮ ભાવિકોએ આયંબિલ તપની આરાધના કરેલ હતી તેમને જુદા જુદા દાતાશ્રીઓ તરફથી દરેકને રૂપિયા ૧૬૫ રૂપિયાની પ્રભાવના કરવામાં આવેલ હતી. આયંબિલ તપમાં તપગચ્છ જૈનસંઘના પ્રમુખશ્રી ચંદ્રેશભાઈ શાહ અને તેમની ટીમે જહેમત ઉઠાવી હતી.

માંડવીમાં તપગચ્છના ત્રણે જીનાલયોમાં પ્રભુજીની અંગરચના કરવામાં આવી હતી. શિતલ-પાર્શ્વ જિનાલયમાં શિતલમંડળ અને ત્રિશલા મંડળની બહેનોએ પંચકલ્યાણકની પૂજા ભણાવી હતી. જેમાં બહેનોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હોવાનું તપગચ્છ જૈન સંઘના પૂર્વ ટ્રસ્ટી અને સંઘના મિડીયા કન્વીનર દિનેશભાઈ શાહે જણાવ્યું હતું.

## રાપર તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ ની નવી કારોબારી સમિતિની રચના અંગે બેઠક

રાપર,

રાપર તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આગામી તા.૧૪-૫-૨૦૨૩ ના સવારે દસ વા

# કેન્દ્રીય મંત્રી પરષોતમ રૂપાલાએ મોથાળા ખાતે અબડાસા ખેતીવાડી માર્કેટ યાર્ડનું લોકાર્પણ કર્યું

ભુજ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશની કમાન સંભાળી ત્યારથી કિસાનો માટે સતત ચિંતા સેવી રહ્યા છે કિસાનોની આવક બમણી થાય તે દિશામાં સરકાર સતત કામગીરી કરી રહી છે. જે હેઠળ જ ખેત ઉત્પાદનોની ટેકાના ભાવે ખરીદીથી લઈને અન્ય યોજનાઓનું દેશમાં અમલીકરણ થઈ રહ્યું છે તેવું આજરોજ મોથાળા ખાતે અબડાસા ખેતીવાડી માર્કેટ યાર્ડના લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન, ડેરી મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું.

કિસાનોને સંબોધન કરતા કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાયડાનું કેન્દ્ર કચ્છને મળી ગયું છે હવે ખેડૂતો દ્વારા સૂરજમુખીની ખરીદી અંગે માંગણી કરાઈ છે જે ખેડૂતોની જાગૃતિ દર્શાવે છે. વડાપ્રધાનશ્રીએ જ્યારથી દેશની શાસન ધૂરા સંભાળી છે ત્યારથી એમ.એસ.પી અંગે ખેડૂતો વધુ જાગૃત થયા છે. સરકાર દ્વારા બજાર કરતા ઉચ્ચ ભાવે ખેત ઉત્પાદોની થતી ખરીદીના કારણે હવે કિસાનો ખુદ સામેથી ખરીદ કેન્દ્રની માંગણી કરતા થયા છે જે ખૂબ જ સારી વાત છે.

વડાપ્રધાનશ્રીએ કિસાનોના હિતમાં સ્વામીનાથન રિપોર્ટની ભલામણ મુજબ એમ.એસ.પી લાગુ કરી છે ત્યારે ખેડૂતો પણ ટેકાના ભાવે થતી ખરીદીનો લાભ લે તે જરૂરી છે.

આ કાર્યક્રમમાં ધારાસભ્યો સર્વશ્રી કેશુભાઈ પટેલ, પ્રદ્યુમનસિંહ જાડેજા, અનિરુદ્ધભાઈ દવે , સંત શ્રી હરિદાસજી મહારાજ, જિલ્લા પંચાયત સદસ્ય પરસોત્તમભાઈ મારવાડા, ગોવિંદભાઈ ભાનુશાલી,હર્ષદભાઈ ઠક્કર, મહેશભાઈ ભાનુશાલી, કચ્છી ભાનુશાલી દેશ મહાજનના પ્રમુખ દામજીભાઈ ભાનુશાલી ,ઉપ-પ્રમુખ ગોવિંદભાઈ ભાનુશાલી ,વાડીલાલ ભાઈ પોકાર, જયદીપસિંહ જાડેજા, હેમરાજભાઈ ભાનુશાલી, તથા અન્ય પદાધિકારીશ્રીઓ તથા અધીકારીશ્રીઓ સહિત સ્થાનિક કિસાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતની અર્થવ્યવસ્થા માત્ર ગૌ આધારિત જ હોવી જોઇએ

## ગૌ આધારિત અર્થવ્યવસ્થાનો પ્રારંભ નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં કરાયો : કેન્દ્રીય કેબિનેટ મંત્રી પુરુષોત્તમ રૂપાલા

ભુજ,

ભુજ સ્વામિનારાયણ મંદિર આયોજીત શ્રીનરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી દિવસેને દિવસે દિવ્ય અને ભવ્ય બની રહી છે, ત્યારે શહેરની ભાગોળે બદ્રીકાશ્રમ ખાતે ઉજવણીનાં છઠ્ઠા દિવસે સંપ્રદાયનાં મૂર્ધન્ય સંતો ઉપસ્થિત રહ્યા હતા. વડતાલ દેશ, જુનાગઢ, ગઢપુર, ધોલેરા, અમદાવાદ સહિતની ઘણી બધી જગ્યાએથી સંતો પધાર્યા હતાં. તેમણે સદગુરુ મહંત સ્વામીનું સન્માન કર્યું હતું.

બાદમાં ભારત સરકારનાં કેબિનેટ મંત્રી પુરુષોત્તમ રૂપાલા પણ સવારનાં સત્રમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. તેમના અંતરના ઉદ્ગારો એવા હતાં કે, ભારતની અર્થવ્યવસ્થા માત્રને માત્ર ગૌ આધારિત જ હોવી જોઈએ અને તેનો પ્રારંભ નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઉપલક્ષમાં ભુજ મંદિર દ્વારા કરવામાં આવ્યો છે, તે શુકનની વાત છે. મંદિર જે પણ કાંઇ કરે છે, તે ભારત દેશને માટે કરે છે.

નોંધનીય છેકે, અતિભાવ અને પ્રેમથી જ્યારે સંતો તેમને આમંત્રણ આપવા માટે પહોંચ્યા હતા ત્યારે પણ તેમણે આમંત્રણનો સ્વીકાર કર્યો હતો, અને આજે બદ્રીકાશ્રમ ખાતે તેમની ઉપસ્થિતિ રહેતા મોટા મહારાજ તેજેન્દ્રપ્રસાદજી, મહંતસ્વામી ધર્મનંદનદાસજી, ઉપ મહંતસ્વામી ભગવદજીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી દેવપ્રકાસદાસજીએ મોમેન્ટો આપીને સન્માનિત કર્યા હતા.

સદ્ગુરૂ મહંતસ્વામીનો પણ સંકલ્પ એવો છેકે, પંચ તત્વ શુદ્ધ થાય. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ. આ શુદ્ધ કરવાનો ભાવ અને આ શુદ્ધ કરવાની પહેલ શ્રીનરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઉપલક્ષમાં અનેકવિધ આયોજનોમાં થઇ રહ્યો છે. માત્ર ગૌ આધારિત ખેતીથી શુદ્ધતા નહીં પણ જ્યારે આટલી મોટી વિશાળ સંખ્યામાં લોકો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવાની હોય ત્યારે ક્યાય પણ પ્લાસ્ટિકનો ઉપયોગ કર્યા વગર માત્ર જુના જમાનામાં વપરાતા પતરાવાળા અને તે પણ મોડીફાઇ કરેલા પતરાવાળાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેને ખાતરમાં પરિવર્તિત કરવામાં આવશે. ત્યારે આ મહોત્સવનો પણ હેતુ પણ પ્રકૃતિનું સંરક્ષણ થાય તેવો છે.

આજે બપોર પછીનાં સત્રમાં પ્રસાદી મંદિરેથી કળશ યાત્રા કાઢવામાં આવી હતી. જે બહુ જ દિવ્ય રહી હતી. યજમાનોએ ૨૦૦ કળશ પોતાનાં મસ્તક ઉપર પ્રસાદીનાં જળ સાથે ધારણ કરી વાજતે ગાજતે સંતો સાથે ભુદેવો મંત્રોનાં ઉચ્ચાર કરતાં કરતાં મોટા મંદિરે પધાર્યા હતાં. અહીં સભામંડપમાં તમામ કળશોને પ્રસ્થાપિત કરવામાં આવ્યા હતા. આ જળથી નરનારાયણ દેવનો અભિષેક કરવામાં આવશે. જેમ જેમ દિવસો વિતતા જાય છે તેમ તેમ આ ઉત્સવનો રંગ દિવ્ય અને અલૌકિક બનતો જાય છે તેવું શાસ્ત્રીસ્વામી સુકદેવસ્વરૂપદાસજીએ જણાવ્યું હતું.

# ભુજ દ્વિશતાબ્દી મહોત્સવમાં રોજનાં અઢી લાખથી વધુ પ્રસાદ ગ્રહણ કરતાં લોકો

ભુજ,

ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત શ્રીનરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવની બદ્રીકાશ્રમ ખાતે ભવ્ય અને દિવ્યતાથી ઉજવણી કરવામાં આવી રહી છે. અહીં દરરોજ અઢી લાખથી પણ વધુ દેશ-વિદેશના લોકો દર્શન અને કથા શ્રવણનો લાભ લેવાની સાથે સાથે પ્રસાદ પણ ગ્રહણ કરી રહ્યા છે. અત્યાર સુધીમાં અંદાજીત ૧૭.૫૦ લાખથી પણ વધુ લોકો પ્રસાદ ગ્રહણ કરી ચૂક્યા છે. આશ્ચર્યની વાત એછેકે, મહોત્સવનાં નવ દિવસ દરમિયાન કચ્છની જનસંખ્યા કરતાં પણ વધુ લોકો પ્રસાદનો લાભ લેશે તેવું શાસ્ત્રીસ્વામી સુકદેવસ્વરૂપદાસજીએ માહિતી આપતાં જણાવ્યું હતુ

વધુમાં તેમણે આટલી મોટી સંખ્યામાં મહોત્સવ માણવા માટે પધારતાં દેશ-વિદેશના લોકોને પ્રસાદ ગ્રહણ કરવામાં કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટેની વ્યવસ્થા સુચારૂ રૂપ, સૂઝબૂઝથી કરવામાં આવી છે. લોકોની ભીડ ન થાય, અગવડતા ન પડે તે માટે બદ્રીકાશ્રમ ખાતે જ ૧૮-૧૮ મોટા મોટા ડોમ બાંધવામાં આવ્યા છે, જેમાં પીસરવાની વ્યવસ્થા અને રસોઈ બનાવવાથી લઈને તેને લગતી સેવામાં ૨૦ હજારથી પણ વધુ સ્વયંમસેવકો જોડાયા છે. ત્યારે આ સ્વયંમ સેવકોની સેવાને નિહાળવા તથા આશીર્વાદ આપવા ખુદ સદગુરુ મહંત સ્વામી આદિ વડીલ સંતો રસોડા વિભાગમાં પહોંચ્યા હતા. ત્યારે દિવ્ય માહોલના દર્શન થયા હતા.

આટલા મોટા પ્રસંગો થતાં હોય એટલે ક્યાકને ક્યાક એવું જણાય કે, ડીશ, ગ્લાસ સહિતનો ઉપયોગ કરવામાં આવતો હોય ત્યારે તેના નિકાલનું શું ? અને તેને કારણે પર્યાવરણ પણ પ્રદૂષિત થાય. આ બાબતને ધ્યાને લઈને ભુજ મંદિરનાં સદ્ગુરૂ મહંતસ્વામી ધર્મનંદનદાસજીએ એવો નિર્ણય કર્યો કે, આપણે વર્ષો પહેલા જે પતરાવાળી વાપરતા હતા એજ પતરાવાળી ઉપયોગ આ મહોત્સવ દરમ્યાન કરવામાં આવે. જેને કારણે આ ડીસો, ગ્લાસનું રિસાયકિંલગ કરીને ખાતર તરીકે ઉપયોગ કરી શકાય.

જેને ધ્યાને લઈને સંતોએ કટક બાજુ નજર દોડાવી હતી, અને ત્યાથી જેટલા જેટલા લોકો પતરાવાળી બનાવતા હતાં તે તમામ લોકોને હાલના સમયને ધ્યાને લઈને પતરાવાળી મોડીફાઈ કરીને ડીશ ટાઈપ બનાવરાવામાં આવી હતી, જેને ઉપયોગ મહોત્સવ દરમિયાન ભોજન પ્રસાદમાં કરવામાં આવી રહ્યો છે. પરિણામે મહોત્સવ દરમ્યાન ક્યાંય પણ પર્યાવરણ કે વાતાવરણતો પ્રદુષિત થતું નથી સાથોસાથ તેનું રિસાયકિંલગ કરીને તેનો ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવશે, જેના કારણે ભગવાન પણ રાજી થાય, દેશ પણ વિકાસશીલ બને અને પંચભૂત શુદ્ધ થાય. આવી ભાવનાથી આ ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો છે, અને ભક્તો પ્રસાદ ગ્રહણ કરીને ધન્યતા અનુભવી રહ્યા છે.

## રજુઆતોનું 'સ્વાગત' સાથે નિરાકરણ, હતાશા અને નિરાશાને બાય બાય...

# ગ્રામજનોના પ્રશ્નોનો ઉકેલ આપતો અનોખો કાર્યક્રમ 'સ્વાગત'

નાગરિકોના પ્રશ્નો અને ફરિયાદોને ખુલ્લા મને સાંભળીને તેનો સંવેદનશીલતા સાથે નિકાલ લાવવાનો અનોખો કાર્યક્રમ એટલે મુખ્યમંત્રીશ્રીનો ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ... જેને 'સ્વાગત' ઓનલાઈન કાર્યક્રમ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કાર્યક્રમમાં રાજ્યના નાગરિકોને સીધી રીતે અસર કરતાં પ્રશ્નોનો ઓનલાઈન ટેક્નોલોજીના માધ્યમથી મુખ્યમંત્રીશ્રીની સીધી દેખરેખ નીચે સુખદ નિરાકરણ લાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં તેના નામ પ્રમાણે જ દરેક 'સ્વાગત' કરવામાં આવે છે, એટલે કે પ્રજાને પીડતા પ્રાણપ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવામાં આવે છે.

સાચું શાસન એ છે કે, જે પ્રજાના પ્રશ્નોને સમજે અને તેનો સંવેદનશીલતાથી નિકાલ આવે. જે પર પીડાને સમજી શકે તે સાચું શાસન છે તેની પ્રતીતિ રાજ્યના નાગરિકોને છેલ્લા બે દાયકામાં 'સ્વાગત' કાર્યક્રમ થકી થઈ રહી છે. આ કાર્યક્રમ દ્વારા રાજ્યના નાગરિકોના અનેક પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવી લોકાની અપેક્ષાઓની પૂર્તિ કરવામાં આવી છે.

આ કાર્યક્રમની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૨૪ એપ્રિલ, ૨૦૦૩ ના રોજ કરી હતી અને વર્તમાનમાં સરળ અને છતાં મક્કમ એવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આ યજ્ઞ અવિરત૨૦ વર્ષથી ચાલી રહ્યો છે. આ બે દાયકામાં આ કાર્યક્રમથી તા. ૧૦-૦૩-૨૦૨૩ સુધી ૫.૬૬ લાખ અરજીઓનું ૯૯.૫૨ ટકાના દરે નિકાલ કરીને તેનું સફળ નિરાકરણ લાવવામાં આવ્યું છે.જે પૈકી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે ૩૬,૮૪૮ અરજીઓ મળી છે.

આ કાર્યક્રમ એ માત્ર ફરિયાદ રજૂ કરવાનો કાર્યક્રમ નથી, પરંતુ લોકો તેમની વ્યાજબી રજૂઆતો સીધી રીતે ટેક્નોલોજીના માધ્યમથી રજૂ કરી શકે અને સરકાર પક્ષે પણ ત્વરિતતા દાખવી મારાપણાના ભાવથી તેનો નિકાલ કરવામાં આવે તેની કાળજી લેવામાં આવે છે,એ દ્રષ્ટીએ આ કાર્યક્રમ દ્વિપક્ષીય સંવાદનો કાર્યક્રમ છે. ફરિયાદ નહીં પરંતુ ઉકેલનો તથા લોકો અને સરકાર વચ્ચે પરીણામલક્ષીતાનો આ કાર્યક્રમ છે. 'સ્વાગત' કાર્યક્રમ ગ્રામ્ય, તાલુકા, જિલ્લા અને રાજ્ય સ્તર એક ચાર સ્તરમાં ચલાવવામાં આવે છે. જેમાં લોકશાહીના નાનામાં નાના એકમ એવા ગ્રમીણ સ્તરથી માંડીને શહેર સુધીના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ એક જ મંચ પરથી લાવવામાં આવે છે.

એક સમય હતો કે લોકોને તેમના પ્રશ્નોને લઈને વિવિધ કચેરીઓ અને ત્યાંથી જો નિકાલ ન આવે તો છેક ગાંધીનગર સુધી ધક્કા ખાવા પડતાં હતાં, પરંતુ ટેક્નોલોજીનો સહયોગથી તેનું સરળીકરણ કરી શકાયું છે અને લોકો પોતાના ઘરેથી આંગળીના ટેરવે તેમની રજૂઆતો, પ્રશ્નો અને સમસ્યાઓ રજૂ કરી તેનું સમાધાન મેળવી શકે છે.

રાષ્ટ્રપિતા અને મહાત્મા ગાંધીજી કહેતા હતા કે, સાચું ભારત ગામડાઓમાં વસે છે. આ વાત સાચી છે કારણ કે, ભારત એક કૃષિપ્રધાન દેશ છે. ભારતની મોટાભાગની વસતી ગ્રામ્ય સ્તરે નિવાસ કરે છે. જેમ-જેમ વિકાસ થતો જાય છે તેમ વિકાસ સાથે તેને લગતા પ્રશ્નો પણ ઉદભવે તે સ્વાભાવિક છે. આ સિવાય દેશ આઝાદ થયા બાદ આપણે જે લોકશાળીનું માળખું સ્વીકાર કર્યું છે તેમાં ગામને પ્રાથમિક એકમ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. જેના કારણે ગ્રામ્યસ્તરે પંચાયત અસ્તિત્વમાં આવતાં તેને લગતાં પ્રશ્નો પણ વિકાસ સાથે ઉદભવ્યા છે.

ગ્રામ્ય અને પંચાયત સ્તરે રેશન કાર્ડ, આધાર કાર્ડમાં નોંધણી અને તેમા સુધારો, વિધવા અને નિરાધાર પેન્શન, જમીનના હક્કમાં નામ નોંધણી તથા તેમાં સુધારો, વીજળી કનેક્શન, જમીનની માપણી, ઘરથાળના પ્લોટ, જમીનની વારસાઈ, પીવાનું પાણી, સિંચાઈ, સફાઈ, ઢોરવાડો, ગોચર, તળાવમાં દબાણ અને સ્વચ્છતાના નાના મોટા પ્રશ્નો ઉભા થતા હોય છે. જેનું સરળતાથી નિરાકરણ આ 'સ્વાગત' ફરિયાદ નિવારણ કાર્યક્રમ દ્વારા લાવવામાં આવે છે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અભ્યાસોમાં અને લોકતંત્રને સુદ્રઢ બનાવનારા આ નવતર અને સફળ આયામની પ્રશંસા થતી રહી છે. ગુજરાતના વહીવટી સુશાસન અને પ્રો-એક્ટિવ ગવર્નન્સના ક્ષેત્રે પારદર્શિતા અને જવાબદેહીતાના આ સફળ પ્રયોગે દેશના વહીવટદારોનું પણ ખાસ ધ્યાન આકર્ષિત કર્યું છે. તેની સફળતાને ધ્યાને રાખીને વર્ષ: ૨૦૦૩ થી શરૂ થયેલ આ કાર્યક્રમને યુનાઈટેડ નેશન્સનો પબ્લિક સર્વિસ એવોર્ડ પણ પ્રાપ્ત થયેલો છે.

છેલ્લા બે દાયકામાં આ કાર્યક્રમને વ્યાપક જનસમર્થન પ્રાપ્ત થયું છે. વર્ષ: ૨૦૦૮ થી સ્વાગત ઓનલાઈનને જિલ્લા મથક અને સચિવાલય સુધી સીમિત ન રાખતાં તાલુકા એકમ સુધી તેનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. જેથી કરીને સમાજના તમામ વર્ગો અને વિસ્તારોનો તેમાં સમાવેશ કરી શકાય.

આ કાર્યક્રમથી અનેક લોકોના પ્રશ્નો અને સમસ્યાઓનું સ્થળ પર જ સમાધાન થયું છે. રાજ્ય સરકાર જ્યારે આવા ઉપક્રમ દ્વારા છેવાડાના માનવીની ચિંતા કરતી હોય તે જ સાચી લોકશાહીની પારાશીશી છે. લોકોનો સંતોષ એ જ રાજ્ય સરકારનો મુદ્રાલેખ હોય ત્યા સમસ્યાઓ માટે કોઈ સ્થાન રહેતું નથી. ખરા રામરાજ્યની કલ્પના આવા પ્રજાલક્ષી અભિગમથી સાકાર થતી હોય છે. રામરાજ્યમાં રાજા પ્રજા વચ્ચે જઈને તેમની સમસ્યાઓ જાણવાનો પ્રયત્ન કરતા હતાં. હવે, રાજ્ય સરકાર કેમેરાની નજરથી ઓનલાઈન રીતે પ્રત્યક્ષ રીતે સમસ્યાઓનું સમાધાન લાવે છે. વળી, આ સમાધાન માટે સ્વયં મુખ્યમંત્રીથી માંડીને વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રશ્નો અને સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવે છે. આવા નિરાકરણને કારણે ભવિષ્યમાં પણ આ સમસ્યાઓ ઉદભવવાનો અવકાશ ઘટી જાય છે. ઉપરાંત, સૌને અનુકૂળ એવા નિષ્કર્ષ પર પહોંચી શકાય છે.

'સ્વાગત' કાર્યક્રમ દ્વારા ખરેખર લાભ મળ્યો હોય તેવા કિસ્સાઓની વાત કરીએ. જૂનાગઢ જીલ્લાના ભેંસાણ તાલુકાના ખંભાલીયા ગામના પોપટભાઈ રાણાભાઈ ભૂવાની વાત છે. પોપટભાઈના ખેતરમાં ખંભાલીયાથી માંડવા નવા રોડ પ્લાનમાં નહીં હોવા છતાં પાછળથી સીમેન્ટના પાઈપ મૂકીને તેમના ખેતરમાં કુદરતી પાણીના વહેણ બદલી કૃત્રિમ રીતે પાણી ઉતારતા ખેતરનું ધોવાણ થતા કપાસનો પાક ધોવાઈ ગયો હતો. આ બાબતે મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી જરૂરી કાર્યવાહી હાથ ધરી ૧૫ દિવસમાં તેમના પ્રશ્નનો નિકાલ લાવવામાં આવ્યો હતો.

આવો જ એક બીજો કિસ્સો મહિસાગર જિલ્લાનો છે જેમાં ઉમારીયા, તા. કડાણાના પ્રભુભાઈ માવાભાઈ પટેલનો હતો. જેમાં ઉમારીયા દૂધ ડેરીથી તેમના ઘર સુધી જવા માટેના રસ્તામાં થયેલ દબાણ દૂર કરવા જિલ્લા સ્વાગત અને તાલુકા સ્વાગતમાંથી હુકમ થયો હોવા છતાં પંચાયત દ્વારા કામગીરી થઈ ન હતી. આ બાબતે અરજદારની ફરિયાદ 'સ્વાગત' માં રજૂ થતાં ડી.એલ.આઈ.આર.ના પરામર્શમાં રહીને માપણી કરાવી ૨૦ દિવસમાં આ કારગીરી નિયમાનૂસાર પૂર્ણ કરવા માટે મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી હતી અને આ રીતે આ પ્રશ્નનો હકારાત્મક ઉકેલ આવ્યો હતો. આવી જ રીતે અમરેલીના ધારી તાલુકાના નાગધા ગામના ખેડૂત શ્રી ભનુભાઈ ઝીણાભાઈ કોટડિયાની સ્વતંત્ર માલિકીની ખેતીવાળી જમીનમાં જવાનો રસ્તો ખુલ્લો કરી આપવામાં આવ્યો હતો. કચ્છના ચિત્રોડ (તા. રાપર) નો ધનજીભાઈ બેચરાભાઈ રાવળીયાએ રજૂઆત કરી હતી કે, લાકડીયા બનાસકાંઠા ટ્રાન્સકો લિમિટેડ વીજલાઈન પસાર કરી તેનું વળતર તેમને ચૂકવવાની કંપની ના પાડે છે. જ્યારે કે,પાવરગ્રીડ કોર્પોરેશન ડ્રોનથી વાયર પસાર કરે છે તો પણ ખેડૂતને ઉભા પાકનું વળતર ચૂકવે છે. આ બાબતે મુખ્યમંત્રીશ્રી દ્વારા સંબંધિત કંપનીના અધિકારીઓને સૂચના આપી મળવાપાત્ર રકમ જમા કરાવવાં માટે સૂચના આપીને ખેડૂતને વળતર અપાવ્યું હતું. આ તો માત્ર કેટલાક ઉદાહરણ છે. આવા તો અનેક પ્રકારના પ્રશ્નો, રજૂઆતો અને સમસ્યાઓ 'સ્વાગત' કાર્યક્રમમાં રજૂ કરવામાં આવે છે. આ તમામ પ્રશ્નો અસરગ્રસ્ત અને અસરકર્તા તમામ લોકોને એક જ પ્લેટફોર્મ પર રાખીને સુખદ સમાધાન લાવવામાં આ કાર્યક્રમ પરિણામલક્ષી પુરવાર થયો છે. લોકોને પારદર્શક વહીવટની સાચા અર્થમાં પ્રતીતિ થઈ છે. તેના અમલ કરનારૂ સમગ્ર વહિવટી તંત્ર પણ પ્રશ્નો ઉકેલવા માટે પ્રોએક્ટિવ એપ્રોચ દાખવતુ બન્યું છે. તંત્રમાં ગતિશીલતા આવી છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાતમાં શરૂકરવામાં આવેલા 'સ્વાગત'નું લાખો ગુજરાતીઓએ દીલથી સ્વાગત કર્યું છે એ જ એની સફળતાનો માપદંડ છે. આગામી સમયમાં પણ અનેક લોકોના ઘરમાં આશાનો ઉજાસ પાથરવા માટે સ્વાગત નિમિત્ત બની રહેશે તેમાં કોઈ શંકા નથી.

# રાપર મા સમસ્ત બ્રહ્મ સમાજ આયોજિત પરશુરામ જયંતિની ઉજવણી કરવામાં આવી

રાપર,

અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજ ના દિવસે દશાવતાર ભગવાન વિષ્ણુ ના છઠ્ઠા અવતાર ભગવાન પરશુરામ ના જન્મદિવસ એટલે પરશુરામ જયંતી નિમિત્તે વાગડ વિસ્તારમાં મુખ્ય મથક રાપર ખાતે સમસ્ત બ્રહ્મસમાજ આયોજિત પરશુરામ સેના દ્વારા ભવ્ય શોભાયાત્રા નું આયોજન કરવામાં આવ્યું હતું જાગેશ્વર મંદિર ખાતે થી ભગવાન પરશુરામ ની આરતી બાદ શોભાયાત્રા તથા બાઈક રેલી યોજાઈ હતી જે મુખ્ય માર્ગો થઈ દેના બેંક ચોક થી માલી ચોક એસ.ટી રોડ ભુતીયા કોઠા રોડ સલારી નાકા ખોડીયાર મંદિર રોડ પ્રાગપર ચોકડી થઈ રાયમલ બાપા ની મઢી એ પૂર્ણ કરવા મા આવી હતી મહા આરતી આગેવાનો નું સન્માન મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જિલ્લા પંચાયત ના ઉપ પ્રમુખ વણવીરભાઈ સોલંકી તાલુકા પંચાયત પ્રમુખ હમીરજી સોઢા રાપર તાલુકા ભાજપ પ્રમુખ નશાભાઈ દૈયા રાપર તાલુકા રાજપૂત ક્ષત્રિય દરબાર સમાજ ના પ્રમુખ રાજુભા જાડેજા કરણી સેનાના પ્રમુખ અરવિંદસિંહ જાડેજા ભરત મસુરીયા મનુભાઈ રાજગોર સંજય ત્રિવેદી નવિન ભાઈ રાજગોર જયદેવ બાસપીયા પરશોતમભાઈ ચાવડા પ્રવિણભાઈ ચાવડા મહેશ મઢવી દયારામ મસુરીયા જેરામ ભટૈયા ગંગારામ ભાઈ ગામોટ મોહન ભાઈ મસુરીયા ગવરીશંકર મઢવીજગુભા જાડેજા રમેશ મઢવી ભરત મઢવીગૌતમ મારાજ કેશુભા વાઘેલા નશાભાઈ દૈયા વિનુભાઈ થાનકી ડોલર ભાઈ રાજગોર મેહુલ જોશી રામદેવ રાજગોર રાજેશ જોશી નરોત્તમ રાજગોર કમલસિંહ સોઢા સહિત ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. શોભાયાત્રા દરમિયાન પ્રોબેશન ડીવાયએસપી પી જે રેણુકા પોલીસ ઈન્સ્પેક્ટર વી કે ગઢવી પીએસઆઈ જી બી માજીરાણા પીએસઆઈ આર આર આમલીયાર પીએસઆઈ ડી. જે પ્રજાપતિ વિગેરે એ બંદોબસ્ત જાળવ્યો હતો.

# માધાપરનાં સોની કલાકારે રોગાન કલાથી ભગવાન સ્વામિનારાયણને સજાવ્યા

આણંદપર(યક્ષ)

હાલ ભુજમાં નરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી ચાલી રહી છે ત્યારે પહેલી વખત રોગાન કલાના કારીગરે રોગાન વડે ભગવાન સ્વામિનારાયણની કૃતિ બનાવી છે.ભારતની સૌથી દુર્લભ હસ્તકલાઓમાંની એક એવી રોગાન છાપ કલા છેલ્લા થોડા વર્ષોમાં ખૂબ ખ્યાતિ પામી છે. પ્રાકૃતિક રંગોને હાથમાં મસળી તેને જ્યારે કારીગર કાપડ પર ઉતારે છે તે નિહાળવું જ ખૂબ રસપ્રદ હોય છે. આ કલા જોવામાં જેટલી મનમોહક છે.માધાપરનાં કલાકારે રોગાન કલાથી ભગવાન સ્વામિનારાયણને સજાવ્યા.

ભગવાન સ્વામિનારાયણ દ્વારા નરનારાયણ દેવની મૂર્તિની સ્થાપના કરાઈ તેને ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં ભુજમાં ભવ્યાતિભવ્ય દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી શરૂ થઈ ગઈ છે.તો આ ઉજવણીમાં હવે ભળી ગયા છે રોગાન કલાના રંગ.માધાપરના રોગાન કારીગર આશિષ કંસારા દ્વારા રોગાન કલા વડે ભગવાન સ્વામિનારાયણની કૃતિ બનાવવામાં આવી છે. સામાન્યપણે ટ્રી ઓફ લાઈફ જેવી કૃતિઓ રોગાનમાં જોવા મળતી હોય છે.ત્યારે પહેલી વખત કોઈ કારીગરે રોગાન કલા વડે સ્વામિનારાયણ ભગવાનની કૃતિ બનાવી નરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણીમાં સોનામાં સુગંધ ભેળવી છે.

ભારતની સૌથી દુર્લભ હસ્તકલાઓમાંની એક એવી રોગાન છાપ કલા છેલ્લા થોડા વર્ષોમાં ખૂબ ખ્યાતિ પામી છે. પ્રાકૃતિક રંગોને હાથમાં મસળી તેને જ્યારે કારીગર કાપડ પર ઉતારે છે તે નિહાળવું જ ખૂબ રસપ્રદ હોય છે. આ કલા જોવામાં જેટલી મનમોહક છે તેને કરવું એટલું જ કઠિન છે.સ્ટીલની પેન્સિલ વડે ખુલ્લા હાથે કાપડ પર તેને ચોક્કસ ડિઝાઈનમાં ઉતારવા માટે વર્ષોની મહેનત લાગે છે અને તે માટે જ રોગાન કલા વડે ટ્રી ઓફ લાઈફ અને અન્ય વિવિધ

આર્ટ પીસ જ બનતા હોય છે. પરંતુ માધાપર ગામના આ રોગાન કારીગરની તો ખૂબી છેરોગાન વડે પોર્ટ્રેટ ચિત્રો બનાવવા.

માધાપરમાં રહેતા આશિષ કંસારાએ પાટણથી રોગાન કલાનું જ્ઞાન મેળવ્યું છે.છેલ્લા પાંચ વર્ષથી આશિષભાઈ હવે ફૂલ ટાઈમ રોગાન કારીગર બની ગયા છે. અન્ય કારીગરોની જેમ આશિષભાઈ પણ રોગાન કળા વડે બ્લાઉસ, ઘાઘરા,સાડી અને દુપટ્ટા તો બનાવે જ છે.પરંતુ તેમના દ્વારા બનાવાતા દેવી દેવતાઓના ચિત્રો તેમને અન્ય કારીગરોથી અલગ પાડે છે. તેમાં હાલ ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા ઉજવાઈ રહેલા નરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે આશિષભાઈએ રોગાન વડે ભગવાન સ્વામિનારાયણની કૃતિ બનાવી છે.રસપ્રદ વાત તો એ છે કે,અગાઉ ક્યારેય કોઈ કારીગરે રોગાન છાપ કલા વડે ભગવાન સ્વામિનારાયણનો ચિત્ર બનાવ્યો નથી.પહેલી વખત આવો સાહસ કરનાર આશિષભાઈએ માત્ર ૧૮ દિવસમાં આ ૨૦સ૨૮ ઈંચનું વોલ પીસ તૈયાર કર્યું છે.

# માંડવીના પ.પૂ.અપૂર્વયશાશ્રીજી મ.સા.નું પારણું જામનગરમાં કર્યું

માંડવી,

બંદરીય માંડવી શહેરના જૈન અગ્રણી પારસભાઈ વી.શાહ અને શ્રીમતી ચંદ્રીકાબેન પારસભાઈ સાહની કુળદિપિકા પ.પૂ. અપૂર્વયશાશ્રીજી મ.સા. (સાંસારિક નામ ભવ્યાબેન પારસભાઈ શાહ ) એ જામનગર મધ્યે ૨૮ દિવસીય અષ્ટાપદતિર્થ નિર્વિઘ્ને સંપન્ન કરતા તા. ૬-૪ ના પારણું કરેલ છે. અષ્ટાપદ તિર્થ તપમાં ચાર ઉપવાસ પછી પારણું આઠ ઉપવાસ પછી પારણું અને બે ઉપવાસ પછી પારણું કરવાનું હોય છે. એમ ૨૮ દિવસની ઉગ્ર

# કંડલા એરપોર્ટ રોડ પર પ્રતિબંધ છતાં ભારે વાહનો બેફામ : જીવલેણ અકસ્માતોના બનાવો વધી રહ્યા છે

કંડલા

વરસામેડી સીમમાં આવેલા કંડલા એરપોર્ટ રોડ પર ભારે વાહનોની મોટા પ્રમાણમાં બેફામ અવરજવરના કારણે અહીં નાના મોટા તેમજ આ રોડ પર ભારે વાહનો પર પ્રતિબંધની લોકોની માંગને લઇ કચ્છ કલેક્ટરે એરપોર્ટ રોડ પર ભારે વાહનો પર પ્રતિબંધ ફરમાવી જાહેરનામાની અમલવારીનો આદેશ પણ કર્યો પરંતુ અફસોસ કે તંત્રની નિષ્ક્રિયતાને કારણે આ જાહેરનામાના પાલનના આદેશ છતાં બેફામ દોડતા ભારે વાહન અડફેટે બે આશાસ્પદ યુવકોનો ભોગ લેવાયો છે.

૮ મહિના પહેલાં કંડલા એરપોર્ટ ચોકડી પાસે ભારે વાન અડફેટે આશાસ્પદ યુવતીનું મોત નિપજ્યા બાદ જનાક્રોશ ફાટી નિકળ્યો હતો, લોકોએ અહી રોડ પર બેસીને વિરોધ પણ નોંધાવ્યો હતો. જે મહત્વપુર્ણ બદલાવનું કારક બન્યો હોય તેમ હવે આ ધમધમતા માર્ગ પર ભારે વાહનોની પ્રવેશબંધીનું પ્રાથમિક જાહેરનામું તત્કાલિન કચ્છ કલેક્ટર દ્વારા બહાર પડાયું હતું.ત્યારબાદ ૧૮ દિવસ પહેલાં જ , આ વિસ્તારમાં રહેણાંકની ઘણીબધી સોસાયટીઓ આવેલ છે અને ભારે વાહનોના કારણે અવાર નવાર અકસ્માતો અને લોકોના મૃત્યુ થયેલ છે. જે આધારે ગત વર્ષે પ્રાથમિક જાહેરનામા બાદ, હવે હુકમ કરીને આ રોડ વહેલી સવારથી રાત્રી સુધી ભારે વાહનો માટે પ્રતિબંધ જાહેર કરી દેવાયો હતો.આ હુકમ થયો તે દિવસે જ ભારે ટ્રાફિક જામ જોવા મળ્યો હતો. તો તા.૨૦/૪ ના બેફામ જઇ રહેલા ટ્રેઈલર અડફેટે બે આશાસ્પદ યુવાનના મોતની ઘટનાથી અરેરાટી ફેલાઇ હતી.સવાલ એ થાય છે કે જાહેરનામાનો કડક અમલ કરવાના કલેક્ટરના આદેશ બાદ પણ ભારે વાહનો કઇ રીતે બેફામ બેરોકટોક દોડી શકે, હજી કેટલા જીવ જાય તેની રાહ જોઇ રહ્યું છે તંત્ર, કડક અમલવારી શા માટે નહીં?

રાજવી પુલિયા થી વરસામેડી ગામ સુધી જતા કંડલા એરપોર્ટ રોડ પર મોટા પ્રમાણમાં અવર જવર કરતા ભારે વાહનોના ચાલકો નાના અકસ્માતોને અંજામ આપતા હોય છે ત્યારે વચ્ચો વચ્ચ મોટું વાહન ઉભું રાખી તકરાર કરવા લાગે છે જેને કારણે કલાકો સુધી ટ્રાફીક જામની પરિસ્થિતિ સર્જાતી રહે છે. દારૂના નશામાં ધૂત ચાલકો અનેક વખત નાના મોટા અકસ્માતો કરી ચૂક્યા છે ત્યારે આ વિસ્તારના રહેવાસીઓ સતત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. કંડલા એરપોર્ટ રોડ પર રાજવી પુલિયા પાસે સવારે અને સાંજે પોલીસ હોય છે પરંતુ ભારે વાહનોને રોકવામાં આવતા નથી, તો રહેવાસીઓના જણાવ્યા મુજબ આ જગ્યાએ ૨૪ કલાક પોલીસની હાજરી હોવી જઇએ અને પ્રતિબંધની કડક અમલવારી થવી જોઇએ, હાલ તો આ રોડ પર પ્રતિબંધ હોવા છતાં બેરોકટોક બેફામ ગતિએ ભારે વાહનોની અવર જવર ચાલુ હોય છે.

# કચ્છ યુનિ.માં ૩ વર્ષથી એક્સ્ટર્નલ કોર્ષ બંધ : વર્ષે ૧૦ હજાર વિદ્યાર્થીઓને ફટકો

ભુજ

કચ્છ યુનિવર્સિટીમાં ચાલતા એક્સ્ટર્નલ અભ્યાસક્રમ નેકની માન્યતા ન હોવાના કારણે યુજીસીની ગાઈડલાઈન પ્રમાણે બંધ કરવામાં આવ્યા હતા પણ છેલ્લા ત્રણ વર્ષથી તે શરૂથયા નથી અને હાલના સંજોગો એવા છે જેમાં યુનિવર્સિટીને નેક મળે તેવું લાગતું નથી જેથી વર્ષે ૧૦ હજાર વિદ્યાર્થીઓને ફટકો પડે છે.

એક્સર્ટનલ અભ્યાસક્રમને શિક્ષણની ભાષામાં ડિસ્ટન્સ અભ્યાસક્રમ કહેવાય છે. યુનિવર્સિટીમાં ૧૪ વર્ષ સુધી એક્સર્ટનલ કોર્ષ ચલાવાયો પણ બાદમાં યુજીસીની માન્યતા ન હોવાથી કોર્ષને જુલાઈ ૨૦૨૦માં બંધ જાહેર કરાયો હતો.

એક્સ્ટર્નલ કોર્ષમાં રાજ્યમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ કચ્છમાં નોંધાતા અને ભુજની કોલેજોમાં એડમિશન માટેનો ધસારો પણ ઘટાડી શકાતો તેવું જણાવતા શિક્ષણવિદો કહે છે કે,કચ્છ જેવા અંતરિયાળ જિલ્લા,પારિવારિક જવાબદારી અને સ્ત્રીના કારણે દીકરા-દિકરીઓ માટે આ કોર્ષ આશીર્વાદરૂપ હતો પણ તે બંધ થઈ જતા હાલ શિક્ષણનો રેશિયો પણ ઘટી ગયો છે.

યુજીસીના નિયમ પ્રમાણે નેકની માન્યતા હોય તેવી યુનિવર્સિટી જ એક્સ્ટર્નલ કોર્ષ ચલાવી શકે છે કચ્છ યુની.પાસે આવી કોઈ માન્યતા છે જ નહિ તેમજ એક્સર્ટનલમાં ફેકલ્ટીનો પ્રશ્ન પણ ઉદ્દભવ્યો હતો.

મે મહિનામાં બોર્ડના પરિણામ આવી જશે પછી કોલેજોમાં એડમિશન શરૂથશે ત્યારે ભુજ અને આદિપૂરની કોલેજમાં ભારે ધસારો રહે છે ત્યારે જો એક્સ્ટર્નલ શરૂથાય તો કોલેજમા ધસારો પણ અટકે અને વિદ્યાર્થીઓને પણ પરવડે તેમ છે. અત્રે ઉલ્લેખનીય છે કે કચ્છ યુનિવર્સિટીમાં હાલે હિન્દી, ઈતિહાસ સહિતના ફેકલટી પણ આવેલી નથી. ત્યારે નવા વિષયો પણ શરૂથાય તે જરૂરી છે.

કચ્છમાં હસ્તકલાનો વ્યાપ વધુ છે પરંતુ યુનિવર્સિટીમાં હસ્તકલાને લગતા સર્ટિફિકેટ કોર્ષ પણ નથી નવા સત્રથી નવી શિક્ષણ નિતી લાગુ થવાની સંભાવના છે. ત્યારે આ મુદ્દાઓ પર ધ્યાન આપવામાં આવે તો નવા વિદ્યાર્થીઓને ફાયદો થાય તેમ છે. કચ્છ યુનિવર્સિટીમાં એક્સ્ટર્નલ કોર્ષ બંધ થતા ઓપન યુનિવર્સિટીનો વિકલ્પ મળ્યો હતો જેમા છેલ્લા ત્રણ વર્ષમાં દર વર્ષે ૮ થી ૧૦ હજાર વિદ્યાર્થીઓના ફોર્મ ભરાય છે.કચ્છમાં તાલુકાદીઠ સેન્ટર સાથે યુનિવર્સિટીમાં પણ એક ઓફીસ આવેલી છે જોકે ઓપન યુનિવર્સિટીમાં પરિણામ,પુસ્તક સહિતના મુદ્દે અવારનવાર વિવાદ સામે આવે છે તેમજ ઘણી વખત અમદાવાદ સુધી ધક્કા પણ ખાવા પડે છે.

કચ્છમાં વર્ષે ૮ થી ૧૦ હજાર છાત્રોની પસંદગી એક્સર્ટનલ અભ્યાસક્રમ હોય છે જેની પાછળ શોખ નહીં પણ પારિવારિક કારણો જવાબદાર છે.

પોતાના પરિવારનું ગુજરાન ચલાવવાની સાથે સાથે અભ્યાસ કરવા ઈચ્છતા અનેક છાત્રો એક્સર્ટનલ અભ્યાસક્રમ પસંદગી કરે છે નોકરી કે ધંધો કરવાની સાથે સાથે આગળ અભ્યાસ કરી સારી નોકરી મેળવી શકે તે હેતુથી એક્સર્ટનલ અભ્યાસક્રમ પસંદ કરતા હોય છે તેમજ ગ્રામીણ વિસ્તારોમાં ઘણી દીકરીઓ ઉચ્ચ અભ્યાસ કરવા માટે અપડાઉન કરી શકતી નથી તેવામાં આ કોર્ષ સૌને ઉપયોગી હતો. કચ્છ યુનિવર્સિટીને ૧૨-બીની માન્યતા મળી ત્યારે વર્ષમાં જ નેકની માન્યતા લઈ લેવા જણાવવામાં આવ્યું હતું પણ તે શક્ય બન્યું નથી.

તેમજ હાલમાં પ્રોફેસરની ભરતી અટકેલી છે,પીએચડીની પરીક્ષા લેવાતી નથી,યુનિવર્સિટીમાં કુલપતિ માટે હજી સર્ચ કમિટી બની નથી સહિતના સંખ્યાબંધ પ્રશ્નો છે અને સરકાર તરફથી દુર્લક્ષ્ય સેવાતું હોઈ નજીકના ભવિષ્યમાં નેક મળે તેવી શકયતા નથી જેથી વચલા રસ્તાના ભાગરૂપે ખાસ કિસ્સામાં કચ્છની ભૌગોલિક પરિસ્થિતિ જોઈ ઓનલાઈન શિક્ષણ સાથે એક્સ્ટર્નલ કોર્ષ શરૂકરાય તો કચ્છના વિદ્યાર્થીઓને ખાસ્સો ફાયદો થશે.વર્કલોડ બતાવવાનો જે પ્રશ્ન છે તે પણ નિવારી શકાશે.

# લખપતના પાંધ્રો નજીક કાદવમાં ફસાયેલી ગાયને ગ્રામજનોએ બચાવી લીધી

લખપત

પશ્ચિમ કચ્છની છેવાડે આવેલા લખપત તાલુકાના પાંધ્રો નજીક આજે સવારે એક ગાય કાદવવાળી જમીનમાં ફસાઈ ગઈ હતી. ચરિયાણ કરતી વેળાએ આ ગાય કચ્છ લિગ્નાઇટ થર્મલ પાવર પ્રોજેક્ટ એકમ પાસેની જમીનમાં ફસાઈ ગઈ હતી. થાકીને અંતે ગાય બેસી ગઈ હતી. જેની જાણ ગ્રામજનોને થતા તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા અને સલામત રીતે ગાયનું રેસ્ક્યુ કરી બચાવી લીધી હતી. આ વેળાએ એકમ સામે રોષ વ્યકત કર્યો હતો અને એકમ દ્વારા છોડવામાં આવતું દૂષિત પાણી બંધ કરવામાં આવે એવી માગ કરી હતી. લખપતના પાંધ્રો ખાતે કાર્યરત થર્મલ પાવર પ્રોજેક્ટ નજીક ફસાયેલી ગાયને લોકોએ ભારે જહેમત બાદ બચાવી લીધી હતી. આ અંગે તાલુકા હિન્દૂ યુવા સંગઠન પ્રમુખ દનુભા સોઢાએ એકમ સામે રોષ વ્યકત કર્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે એકમ દ્વારા ધરાર વપરાયેલું દૂષિત પાણી જાહેરમાં છોડી મૂકવામાં આવે છે. જેને લઈ જમીનનું ધોવાણ થાય છે અને અબોલ પશુઓ ચરિયાણ કરતી વેળાએ મુશ્કેલીમાં મુકાતા હોય છે. આ વિશે અનેક વખત રજૂઆતો કરવા છતાં નિવારણ આવતું નથી.આ પૂર્વે આજ સ્થળે એક ગાયનું કાદવ વાળી બની ગયેલી જમીનમાં ફસાઈ જવાથી મોત નીપજ્યું હતું. સંબધિત તંત્ર દ્વારા યોગ્ય ઉપાય લવાય એવી માગ કરી હતી

## ધોમધખતા ઉનાળામાં છવાયો વરસાદી માહોલ, આ જિલ્લામાં વરસ્યો ગાજવીજ સાથે કમોમસી વરસાદ

જૂનાગઢ

ઉનાળાની સિઝનમાં ગરમીના બદલે વાતાવરણમાં ઠંડક જોવા મળી રહી છે. ઉનાળાની સિઝનમાં ત્રણ માવઠા થઈ ચુક્યા છે, ત્યારે ગઈકાલે બપોર બાદ અચાનક વાતાવરણ પલટાતા ચોથું માવઠાએ જૂનાગઢ વંથલી, કણજા સહિતના વિસ્તારોના ગાજવીજ અને પવન સાથે વરસાદ પડ્યો હતો અને આંબામાં રહેલ કેરીઓ ખરી પડી હતી.

# કચ્છના ગામડા ખાલી થવા લાગ્યા, માલધારીઓની હિજરત શરૂ, ખુદ સરપંચ ગામ છોડીને ગયા

ભુજ

સૂકા રણપ્રદેશ કચ્છના સરહદી વિસ્તાર અને છેવાડાના એવા સૂકા મલક બન્ની વિસ્તારમાં લાંબા સમયથી પીવાના પાણીની સમસ્યાનો સામનો માલધારીઓ કરી રહ્યા છે. ભર ઉનાળે બન્ની વિસ્તારના લોકો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે. પીવા માટે પાણી તેમજ પશુ માટે ઘાસચારો ના મળતા નાના સરાડા ગામના માલધારીઓ ઘર ખાલી કરીને હિજરત કરી ગયા છે.

આ વર્ષે કચ્છમાં ઉનાળો વહેલો શરૂથયો છે અને બન્ની વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા વિકટ બની રહી છે. ભુજ તાલુકાનો બન્ની વિસ્તાર પશુપાલન વ્યવસાય માટે જાણીતો છે. તેમા આસપાસના ગામમાં અત્યારથી જ પાણીની સમસ્યા સર્જાઈ છે. પશુપાલક એવા માલધારીઓને પાણી માટે ભારે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. નાના સરાડા ગામના સરપંચ ખુદ ગામમાં પાણીની સમસ્યા હોતાં પોતાના પશુઓ લઈને અન્ય સ્થળે હિજરત કરી રહ્યાં છે.

બન્ની વિસ્તારના મોટાભાગના માલધારીઓ પશુપાલન સાથે સંકળાયેલા છે અને ખાસ કરીને પાણીની સમસ્યાના કારણે પશુઓની પણ હાલત બહુ ખરાબ છે અને સાથે જ ઘાસચારાની પણ તકલીફ છે. પાણીની વ્યવસ્થા ના થતાં ગામના લોકોને હિજરત કરવી પડે છે તેવી સ્થિતિ ઊભી થઈ રહી છે. ગામના લોકો જિલ્લાના અન્ય તાલુકાઓમાં જ્યાં ઘાસચારો અને પાણી મળી રહે તેવા વિસ્તારમાં હિજરત કરી રહ્યા છે. નાના સરાડા ગામમાં ૨૫૦ જેટલા ઘરો છે, જેમાં ૧૬૦૦ જેટલી વસ્તી અને ૧૬૦૦૦ જેટલું પશુધન છે. ગામનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. માલધારીઓને પાણીની સમસ્યાની સાથે સાથે ઘાસચારાની પણ સમસ્યા ઘણા સમયથી સતાવે છે. ગામમાં અત્યારથી જ ઘાસ અને પાણીની સમસ્યા ઊભી થતાં માલધારીઓ ચિંતીત બન્યા છે. ૧૦૦ જેટલા ઘરો તો પાણીની સમસ્યાના કારણે ખાલી થઈ ગયા છે અને અન્ય તાલુકાઓમાં પરિવાર અને પશુધન સાથે હિજરત કરી ગયા છે. નાના સરાડા ગામના સરપંચ અમુલાએ વાતચીત કરતા જણાવ્યું હતું કે ગામમાં ઘાસની અને મોટામાં મોટી સમસ્યા પાણીની છે. માલધારીઓ મોટેભાગે પશુઓ પર આધારિત છે, જેના કારણે માલધારીઓના જનજીવન પર અસર પડી છે. જેથી કરીને માલધારીઓ હિજરત કરી ગયા છે. ગામમાં ઘાસ પણ ન હોવાથી માલધારીઓને અહીંથી ચાલ્યા જવું પડ્યું છે અન્ય તાલુકાઓમાં કોઈ વ્યવસ્થા કરવી પડી રહી છે. તો હિજરતના કારણે માલધારીઓના બાળકોનું પણ ભણતર પણ બગડી રહ્યું છે. ગામને પૂરતું પાણી આપવામાં આવે તેવી માંગણી માલધારીઓ કરી રહ્યા છે.

પાણીની સમસ્યા કાયમી ધોરણે દૂર કરવામાં આવે

સરાડા જૂથ ગ્રામ પંચાયતના સરપંચ ફકીરમામદ જતે જણાવ્યું હતું કે ગામમાં પાણીની સમસ્યાના લીધે જ માલધારીઓને હિજરત કરવી પડી રહી છે. બન્ની વિસ્તાર એકદમ ખુલ્લો વિસ્તાર છે આ વિસ્તારને મૂકીને કોઈ જાય નહીં પરંતુ અહીં પાણીની સમસ્યાના કારણે હિજરત કરવી પડી રહી છે.બાળકોનું ભણતર પણ આ પાણીની સમસ્યાના કારણે જ બગડી રહી છે.માલધારીઓ અંજાર તેમજ ભચાઉ તાલુકાના વિવિધ ગામોમાં હિજરત કરી રહ્યા છે.આ સમસ્યા કાયમ માટે દૂર કરવામાં આવે અને ગામ માટે જે પાણીની પાઈપલાઈન નાખવામાં આવી છે તેમાંથી પાણી આપવામાં આવે તેવી માંગ છે.

# વડાપ્રધાન એ 'મન કી બાત' માં ઉલ્લેખ કરેલા ગુજરાતના ૨૨ જેટલા વ્યક્તિવિશેષો સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો સંવાદ-સ્નેહ મિલન કાર્યક્રમ

ગાંધીનગર

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ તેમના 'મન કી બાત' કાર્યક્રમમાં જેમનો વિશેષ ઉલ્લેખ કર્યો છે તેવા મૂળ ગુજરાતના ૨૨ જેટલા વ્યક્તિવિશેષોનું ગૌરવ સન્માન ગાંધીનગરમાં કર્યુ હતું. સમાજજીવનમાં પ્રજાલક્ષી, પ્રજાઉપયોગી અને પ્રેરણાત્મક કાર્યો કરનારા જનસામાન્યની વાત દેશવાસીઓ સમક્ષ સહજ સંવાદથી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા મુકીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ નાના માનવીની મોટી સિદ્ધિઓને બિરદાવી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ આ તકે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ વ્યક્તિવિશેષો સાથે સંવાદ સાધતાં કહ્યું કે, પોતપોતાના ક્ષેત્રોમાં પ્રજાલક્ષી કાર્યો અને સમાજજીવનમાં ઉલ્લેખનીય પ્રદાન કરનારા આપ સૌ અન્ય લોકો માટે પ્રેરણાસ્ત્રોત છો. શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સૌ મહાનુભાવોનું સન્માન કરતા તેમને પોતાના કાર્યક્ષેત્રમાં વધુ ને વધુ આગળ વધવાની શુભેચ્છાઓ પાઠવવા સાથે એમ જણાવ્યું કે, રાજ્ય સરકાર જ્યાં જરૂર પડે ત્યાં તેમને સહયોગ આપવા પણ તત્પર રહેશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના ધ્યેયમંત્ર સાથે ગુજરાતને દેશના ગ્રોથ એન્જીન તરીકે આગળ ધપાવવા પણ અનુરોધ કર્યો હતો. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂકરેલા 'મન કી બાત' કાર્યક્રમના ૧૦૦ હપ્તા આગામી દિવસોમાં પૂર્ણ થવાના છે. આ વાર્તાલાપ શ્રેણીના અત્યાર સુધીના વિવિધ એપિસોડમાં જેમનો વડાપ્રધાનશ્રીએ વિશેષ ઉલ્લેખ કરેલો છે તેવા ૨૨ ગુજરાતીઓને સ્મૃતિચિન્હથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સન્માનિત કર્યા હતા અને સ્નેહમિલન યોજ્યું હતું.

રાજ્યપાલ અને મુખ્યમંત્રી પટેલે સી.એમ. ડેશબોર્ડના માધ્યમથી રાજ્યના જિલ્લા કલેકટરો-જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે સંવાદ કરી ગહન માર્ગદર્શન આપ્યું

# ગુજરાતના સ્થાપના દિવસ, આગામી ૧ લી મે થી ગ્રામીણ કક્ષાએથી પ્રાકૃતિક કૃષિ તાલીમ મહા અભિયાન શરૂ થશે

ગાંધીનગર

ગુજરાત સમગ્ર દેશ માટે 'મોડેલ' રાજ્ય છે. પ્રાકૃતિક ખેતી અંગે પણ આખું ભારત ગુજરાત પાસેથી પ્રેરણા લે એ હેતુથી ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી માટે 'મિશન મોડ' પર કામ શરૂકરવામાં આવ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે સીએમડેશબોર્ડના માધ્યમથી તમામ જિલ્લા કલેકટર્સ અને જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે સંવાદ કરીને ગુજરાત રાજ્યના આગામી સ્થાપના દિવસ; તા. ૧લી મેથી ગ્રામીણ કક્ષાએથી શરૂથનારા પ્રાકૃતિક કૃષિ અભિયાન વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, જેમ ડાંગ જિલ્લો સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો છે તેમ આખું ગુજરાત રાજ્ય સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ કરતું રાજ્ય બને એ દિશામાં પ્રયત્નો કરવાની આવશ્યકતા છે. ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તે માટે સતત ચિંતા સેવી રહ્યા છે અને માર્ગદર્શન આપી રહ્યા છે ત્યારે ગુજરાતમાં હવે 'મિશન મોડ' પર કામ શરૂકરવાની આવશ્યકતા છે.

ખેડૂતોના કલ્યાણ માટે, લોકોના આરોગ્ય અને સ્વાસ્થ્ય માટે, ધરતી મા અને ગૌમાતાના સંરક્ષણ માટે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અનિવાર્ય જ છે તેમ તેમણે ઉમેર્યું હતું. તમામ જિલ્લા કલેકટર્સ અને જિલ્લા વિકાસ અધિકારીઓને વધુ સજાગતા અને અગ્રતાથી પ્રાકૃતિક ખેતીના પ્રસાર માટે કાર્યરત થવાનો અનુરોધ કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, તમામ જિલ્લાઓમાં દર મહિને પ્રાકૃતિક ખેતીની પરિસ્થિતિની વિસ્તૃત સમીક્ષા થાય એ જરૂરી છે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમના ઉત્પાદનો માટે યોગ્ય માર્કેટ મળી રહે એ માટે ગ્રામ્ય કક્ષાએ, તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ અઠવાડિયામાં બે દિવસ ખાસ માર્કેટની વ્યવસ્થા ઊભી કરવા તેમને સૂચના આપી હતી. જે તે જિલ્લામાં શ્રેષ્ઠ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતના ખેતર-વાડીની અઠવાડિયામાં એક વખત મુલાકાત લેવા પણ તેમણે કલેકટર્સ-ડીડીઓને અનુરોધ કર્યો હતો.

તા. ૧ લી મે, ગુજરાત રાજ્યના સ્થાપના દિવસથી રાજ્યના ૧૪,૪૫૫ ગ્રામ પંચાયત વિસ્તારોના ખેડૂતોને આવરી લેવાય એ રીતે રાજ્યભરમાં ગ્રામીણ કક્ષાએ નિશુલ્ક તાલીમ મહાઅભિયાન હાથ ધરાશે. રાજ્યના તમામ ગામડાંઓ માટે ૧૦-૧૦ ગામોના એક એવા ૧,૪૭૩ ક્લસ્ટર્સ બનાવાયા છે. ૧૦ ગામ પૈકીના જ કોઈ ગામમાં પ્રાકૃતિક ખેતી કરતા નિપૂણ ખેડૂત; કે જેને રાજ્ય સરકારે વિશેષ તાલીમ આપીને 'માસ્ટર ટ્રેઈનર' બનાવ્યા છે તે અને સાથે આત્મા-કૃષિ વિભાગના એક નિષ્ણાત પ્રતિનિધિ, બંને પોતાને ફાળવાયેલા દસ ગામોમાં ખેડૂતોને વિનામૂલ્યે પ્રાકૃતિક ખેતીની તાલીમ આપશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા અધિકારીઓને પ્રેરક સંબોધનમાં કહ્યું હતું કે, રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ પાંચ-પચ્ચીસ વર્ષ માટે ફળદાયી-લાભકર્તા હોઈ શકે, પરંતુ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ માટેના રાજ્ય સરકારના પ્રયાસોથી લોકોને પેઢીઓ સુધી લાભ પહોંચાડી શકાશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'બેક ટુ નેચર' નો મંત્ર આપ્યો છે, તેનો સંદર્ભ આપતાં તેમણે કહ્યું કે, અનેક પ્રશ્નોનો ઉકેલ પ્રકૃતિ પાસે જ છે. અત્યારે કોઈપણ વ્યક્તિમાં કોઈ પણ વયે ગંભીર રોગો જોવા મળી રહ્યા છે. રાસાયણિક ખાતર અને પેસ્ટીસાઈડ્સના વધુ ઉપયોગથી સ્વાસ્થ્ય સામે ગંભીર પ્રશ્નો સર્જાયા છે. આવી સ્થિતિમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અત્યંત જરૂરી છે તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતી માટે આદરેલા અભિયાનમાં સક્રિયતાથી સામેલ થવાનું જિલ્લા તંત્રના વરિષ્ઠ અધિકારીઓને આહ્વાન આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સૌના વિકાસ માટે સૌના વિશ્વાસપૂર્વક સૌના સાથથી પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વિસ્તાર વધારવા સૌના સહિયારા પ્રયાસો પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવાથી રાજ્યના પ્રજાજનોને અનેક મોટા લાભ થશે તે નિશ્ચિત છે. કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે તમામ કલેકટર્સ-જિલ્લા વિકાસ અધિકારીઓને સંબોધતાં કહ્યું કે, રાજ્યમાં વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે રાજ્ય સરકારનો કૃષિ વિભાગ ખંતપૂર્વક કામ કરે છે. દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને-પશુપાલકોને પ્રોત્સાહિત કરવા દેશી ગાયના નિભાવ માટે રાજ્ય સરકાર પ્રતિમાસ રૂ.૯૦૦ આપે છે. પ્રાકૃતિક ખેતી જ આપણું ભવિષ્ય છે.

# ડમી કાંડમાં નવા ખુલાસા : યુવરાજસિંહના સાળા પાસેથી રિકવર કરાયા ૩૮ લાખ રૂપિયા

ભાવનગર

ભાવનગર તોડકાંડ અને ડમીકાંડમાં પોલીસને મોટી સફળતા હાથ લાગી છે. પોલીસે યુવરાજના સાળા પાસેથી રકમ વસૂલ કરી છે. કાનભા ગોહિલ પાસેથી ૩૮ લાખ રૂપિયા રિકવર કરાયા છે. કાનભા ગોહિલની બે દિવસ પહેલાં સુરતથી ધરપકડ કરી હતી. આરોપી કાનભા ગોહિલ પાસેથી પોલીસે ૩૮ લાખ રૂપિયા રિકવર કર્યાં છે.

ચકચારી તોડકાંડ મામલે યુવરજીસિંહ જાડેજા પૂછપરછ ચાલી રહી છે. જેમાં કુલ ૬ આરોપી પૈકી કાનભા ઉર્ફે પપુ ગોહિલની સુરતથી ધરપકડ કરાઈ હતી. કાનભાની પૂછપરછ દરમિયાન ૩૮ લાખ જેવી માતબર રકમ પોલીસે રિકવર કરી છે. તોડકાંડ કેસમાં રૂપિયા ૧ કરોડ રકમ નામ છુપાવવા મામલે યુવરાજસિંહ જાડેજાએ આ રૂપિયા લીધા હોવાનો આક્ષેપ કરાયો છે. પ્રકાશ ઉર્ફે પીકે તથા પ્રદીપ બારૈયાનું નામ છુપાવવા માટે ૧ કરોડની ખડણી માંગી હોવાનું બહાર આવ્યું હતું.

જેમાં શિવભદ્ર સિંહ ઉર્ફે શિવભાની વિક્ટોરિયા પ્રાઈમ નામની બિલ્ડીંગ ખાતે આ બેઠક થઈ હતી. જેમાં કમિશન એજન્ટ તરીકે રહેલા ઘનશ્યામ લાધવા અને બિપિન ત્રિવેદી મારફત ૧ કરોડ રૂપિયા મેળવ્યા હતા. જે રૂપિયા પૈકીની અમુક રકમ શિવભાએ તેના ગોળીબાર પાસે રહેતા જીત માંડવીયાના ઘરે બેગમા તાળું મારી તે રૂપિયા મુક્યા હોવાની કાનભાએ પોલીસને જાણકારી આપી હતી. જે મુદ્દે પોલીસે કાનભા ગોહીલને સાથે રાખી આ રકમ રિકવર કરી હતી, જેમાં કમિશન પેટે અપાયેલ રકમ મેળવવા પોલીસ પૂછપરછ ચલાવી રહી છે.

સુરત આમ આદમી પાર્ટી યુવરાજ સિંહના સમર્થનમાં આવી છે. આજે મોટી સંખ્યામાં આપના નેતાઓ કલેક્ટર કચેરી ખાતે પહોંચી યુવરાજ સિંહને મુક્ત કરવા માટે કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું. યુવા અધિકાર ન્યાય ચળવળના નેજાં હેઠળ વિધાર્થીઓ પણ યુવરાજ સિંહના સમર્થનમાં આવ્યા હતા.

આપ દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા કે, યુવરાજ સિંહને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે. યુવરાજ સિંહ જાડેજાને તાત્કાલિક મુક્ત કરવામાં આવે. ભાજપ વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કરી કલેક્ટરને પર આવેદન પત્ર પાઠવ્યું હતું. સ્પર્ધાત્મક પરીક્ષામાં ડમી કાંડનો પર્દાફાશ કરનાર યુવરાજસિંહ જાડેજા હવે પોતે આરોપી બન્યો છે.

ત્યારે ભાવનગર જીંય્એ ૧૦ કલાક લાંબી પૂછપરછ બાદ યુવરાજસિંહની ધરપકડ કરી હતી. જેમાં યુવરાજસિંહના સાળાએ રૂપિયા લીધા હોવાની યુવરાજે કબૂલાત કરી હોવાનો સૂત્રોનો દાવો છે. જોકે, આ મામલે હવે મોટા સમાચાર એ છે કે, યુવરાજસિંહના સાળાની સુરતથી અટકાયત કરાઈ છે. યુવરાજસિંહ જાડેજાના સાળા કાનભા ગોહિલની અટકાયત કરવામાં આવી છે.

# ભણતરનો ભાર મોંઘો થશે: નવા શૈક્ષણિક સત્રથી સ્ટેશનરીના ભાવમાં ૩૦% વધારો આપવો પડશે

અમદાવાદ

એક તરફ મોંઘવારી અને બીજી તરફ સતત વધી રહેલા સ્ટેશનરીના ભાવોએ વાલીઓની ચિંતા વધારી દીધી છે, કારણ કે આગામી શૈક્ષણિક વર્ષથી વાલીઓએ સ્ટેશનરીના ૩૦ ટકા સુધીનો ભાવ વધારો ચૂકવવો પડી શકે છે. કાગળના વધી રહેલા ભાવો, કેમિકલ ઈંકના વધતા ભાવના કારણે સ્ટેશનરીના ભાવમાં ૩૦ ટકા જેટલો ભાવ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે.

આગામી શૈક્ષણિક વર્ષ શરૂથવા જઈ રહ્યું છે ત્યારે વાલીઓએ વધુ ભાવ વધારાનો માર સહન કરવો પડશે. કાગળની કિંમતોમાં વધારાના કારણે નોટબૂક ચોપડા, પેન, પેન્સિલ, સ્કૂલ બેગ, કલર્સ ખરીદવા માટે ૩૦ ટકા વધુ રૂપિયા ચૂકવવા પડશે.

નોટબુક ૩૦થી ૩૫ રૂપિયા મળતી હતી જે માટે હવે વાલીઓએ ૪૫ રૂપિયા ખર્ચવા પડશે. બીજી તરફ જે ચોપડા માટે તેઓએ ૫